# ધોળ અને લગ્ન ગીત



મીનાક્ષીબેન ઈન્દ્રવદનભાઈ પટેલ

| ક્રમ | અનુક્રમણિકા | પાના.નંબર |
|---|---|---|
| ૧. | રાધાજી રે ઘણું હરખ્યાં મન.. | ૩. |
| ૨. | માતા જશોદાજી સાંભળો વાત.. | ૩. |
| ૩. | પ્રભુજી વિના મારે પલક ના ચાલે.. | ૪. |
| ૪. | રાવલમાં એક શ્રી વૃષભાન કન્યા.. | ૪. |
| ૫. | નંદ જશોદા હરખે અપાર.. | ૫. |
| ૬. | ગુરુ ચરણે કરજોડી રે લાગું.. | ૫. |
| ૭. | ગંગા જમુનાના નીર મંગાવો.. | ૭. |
| ૮. | જીરે પગરણે વ્હેલા પધારજો | ૮. |
| ૯. | તુલસીના ક્યારામાં કંકુના છાંટા.. | ૮. |
| ૧૦. | સત્ગુરુ સહાય કરો એકવાર રે.. | ૯. |
| ૧૧. | ઘોડી વરઘોડો ગાયે રામચંદ્રનો રે.. | ૯. |
| ૧૨. | હેતે હરી ભજી લેજોની પ્રાણી.. | ૧૦. |
| ૧૩. | રાધાને કૃષ્ણ બન્ને ચઢયાં વરઘોડે.. | ૧૧. |
| ૧૪. | સંતો સાથમેં તુલસી હાથમાં.. | ૧૨. |
| ૧૫. | તુ તો રામ રટણ કર રંગમાં (જુવાનીનું જોર).. | ૧૩. |
| ૧૬. | કંકુ છાંટી કંકોત્રી મોકલે.. | ૧૪. |
| ૧૭. | ગોવિંદજી પરણે ને નંદજી પરણાવે.. | ૧૫. |
| ૧૮. | તુ તો રામ રટણ કર રંગમાં (ગોવિંદ ભજો).. | ૧૬. |
| ૧૯. | જી રે આ રે દીનાનાથની.. | ૧૭. |
| ૨૦. | હું તો હરજી જોવાને નિસરી.. | ૧૮. |
| ૨૧. | તુ તો રામ રટણ કર રંગમાં (અવસર આવો).. | ૧૮. |
| ૨૨. | આજ મારે આંગણિયે આવીને રંગ.. | ૧૯. |
| ૨૩. | જોગીન્દ્રપણું રે શિવજી તમારું મેં જાણ્યું.. | ૨૦. |
| ૨૪. | ઉઠો વૃષભાન વરાવોની જાન.. | ૨૧. |
| ૨૫. | ખોટ પડશે હવે તારી હો સ્નેહી બેની.. | ૨૧. |
| ૨૬. | સત ગુરુજી રે લગન લઈ આવ્યા.. | ૨૨. |
| ૨૭. | મઘ મઘ કરતી વેણીઓમાં.. | ૨૩. |
| ૨૮. | બેના રે..સાસરીયે જાતા જોજો પાંપણના ભીંજાય.. | ૨૪. |
| ૨૯. | બેની તારા પાનેતરમાં ચંદ્રતણો શણગાર.. | ૨૫. |
| ૩૦. | એ મેરે દિલકી બેની તુ આજ.. | ૨૬. |
| ૩૧. | તોરલે મઢેલો મંડપ હશે એમાં મારી.. | ૨૬. |
| ૩૨. | બેની જાવોને સાસરીએ.. | ૨૭. |
| ૩૩. | સોનેરી સાડલો પહેરીલ્યો રે બેની.. | ૨૮. |
| ૩૪. | સમજુ બાળકી જાય સાસરે.. | ૨૯. |
| ૩૫. | આજ ઘડીની રાતે બેની સાસરે જવાના.. | ૩૦. |
| ૩૬. | ઊંચા ચોરા ચંદન ચોકઠો રે.. | ૩૦. |
| ૩૭. | મારી લાડકવાયી જાય છોડી મૈયરીયાની માયા.. | ૩૧. |
| ૩૮. | અમદાવાદી પાન મંગાવો હા પાન મંગાવો.. | ૩૨. |
| ૩૯. | ગોરા ગોરા રૂપને હો બેની.. | ૩૨. |
| ૪૦. | ચારેય ભાઈઓને ઘોડલાની હોંશ.. | ૩૩. |
| ૪૧. | રૂકમણી લખી કાગળ મોકલે રે.. | ૩૪. |
| ૪૨. | રાજા જનકને માંડવે ભાવે મળ્યા છે ભૂપ.. | ૩૫. |

| ક્રમ | અનુક્રમણિકા | પાનાં.નંબર |
|---|---|---|
| **૪૩.** | આંખલડી આંસુથી સૌની છલકાય.. | ૩૬. |
| **૪૪.** | પ્યારી બેનડી સાસરે જતી.. | ૩૭. |
| **૪૫.** | પરદેશી પરદેશી આવ્યા તમે.. | ૩૮. |
| **૪૬.** | હો બેન રે તને સોળ વરસની કીધી.. | ૩૯. |
| **૪૭.** | મેરા આંગન તેરા મંડપ સુના રે થવાના.. | ૩૯. |
| **૪૮.** | મારા પીઠી ભરેલા હો બેની.. | ૪૦. |
| **૪૯.** | ભાભી મંડપ મેં આ ભૈયા બુલા તે.. | ૪૦. |
| **૫૦.** | મહિયર છોડીને બેની સાસરીયે જાય.. | ૪૧. |
| **૫૧.** | મન તારું મંદિર પતિ દેવ પૂજા.. | ૪૨. |
| **૫૨.** | ઊંચી નીચી મેડી મારા વીરની.. | ૪૨. |
| **૫૩.** | પ્યારા બેની જવાના હવે સાસરે રે લોલ.. | ૪૩. |
| **૫૪.** | મારા બેનના હાથમાં વીંટી.. | ૪૩. |
| **૫૫.** | હૈયામાં હરખ સમાવતા હો વીર.. | ૪૪. |
| **૫૬.** | મારો સોનાનો મારો રૂપાનો.. | ૪૪. |
| **૫૭.** | ભૈયા રાજા બનો વરરાજા.. | ૪૫. |
| **૫૮.** | હાથમાં નાળિયેર રે ભાઈના.. | ૪૬. |
| **૫૯.** | બેની તારા તે માંડવે માંડવે ઢોલ.. | ૪૬. |
| **૬૦.** | મારી સાંભળજો વિનંતી મારા.. | ૪૭. |
| **૬૧.** | સખી રે આજ આનંદ મારે ઉલટયો.. | ૪૮. |
| **૬૨.** | આ તીરે ગંગા ને પેલી તીરે જમના.. | ૪૯. |
| **૬૩.** | મારે આંગણે વાયુ શું બોલિયા રે.. | ૫૦. |
| **૬૪.** | સજની રે તું તો સ્વપ્ન અંતર મન.. | ૫૧. |
| **૬૫.** | સજની રે સાથે વેવા કીધા.. | ૫૧. |
| **૬૬.** | એના વિરલા કોઇ વાંચનહાર.. | ૫૨. |
| **૬૭.** | આજ મારે આંગણે હો ઉત્સવ અપાર છે.. શ્રી યોગેશ્વરજી.. | ૫૩. |
| **૬૮.** | હરિ! તારા નામની ચૂડી..શ્રી મા સર્વેશ્વરી.. | ૫૪. |
| **૬૯.** | નવજીવનના મંગલ પ્રારંભે..શ્રી મા સર્વેશ્વરી.. | ૫૪. |
| **૭૦.** | હરિ દ્વારે મને હરિ મળ્યા રે..શ્રી મા સર્વેશ્વરી.. | ૫૫. |
| **૭૧.** | જીવનવાટે હરિ મને મળ્યા રે..શ્રી મા સર્વેશ્વરી.. | ૫૬. |
| **૭૨.** | હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા.. શ્રી મા સર્વેશ્વરી.. | ૫૭. |
| **૭૩.** | હેતે લખીએ રે કંકોત્રી રે લોલ.. | ૫૮. |
| **૭૪.** | શુભ દિન આયો રે.. | ૫૮. |
| **૭૫.** | આનંદ થયો છે આજે.. | ૫૯. |
| **૭૬.** | બેનીના એક બોલ લાખ લાખના.. | ૬૦. |
| **૭૭.** | પરદેશી પરદેશી આવ્યા અમે મોસાળુ લઈને.. | ૬૦. |
| **૭૮.** | પાંદડું લીલું ને રંગ રાતો.. | ૬૧. |
| **૭૯.** | ભાર વિનાનું ભણતર ભાઈ.. | ૬૨. |
| **૮૦.** | વનરા તે વનમાં ઝાઝેરા.. | ૬૨. |
| **૮૧.** | ઓઢી નવરંગ ચૂંદડી.. | ૬૩. |
| **૮૨.** | પરદેશી પરદેશી આવ્યા | ૬૪. |
| **૮૩.** | પદ- ૭૮૬............. **૮૪.** પદ- ૭૮૮ ............. **૮૫.** પદ- ૭૮૯ | ૬૫. |

## ૧. રાધાજી રે ઘણું.

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન, આજ અમારો અવતાર છે ધન્ય,
પ્રગટયુ પૂર્વ જન્મનું પૂન્ય, તો પૂરણ બ્રહ્મ ને પરણીએ...

મારા તે મનમાં હતી એક વાત, તે તો મેં જાણી જદુ રે નાથ,
જન્મો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મ ને પરણીએ...

અંતરીક્ષથી બહુ વાજા રે વાગે, જાણે ગગનમાં મેહુલીઓ ગાજે,
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મ ને પરણીએ...

સહુ સખીઓ મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે,
વલ્લભ ઉભા વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મ ને પરણીએ...

## ૨. માતા જશોદાજી.

માતા જશોદાજી સાંભળો વાત, કન્યા મેં એક દીઠી છે જાત,
કંચન વર્ણ સમાન છે ગાત્ર, તો કહાન કુંવર પરણાવીએ રે..

મેં મારા મન માહે તપાસ્યું, તે તમો આગળ પ્રકાશ્યું,
તમો વિના મેં કંઇ નવ વાસ્યું, તો કહાન કુંવર પરણાવીએ રે..

મેં પૂછી સર્વે કાઢી છે ભાળ, તમારી વાત કરે તત્કાળ,
બેસી નહિ કંઇ કરીએ વિચાર, તો કહાન કુંવર પરણાવીએ રે..

વેવાઇ તમો સરખા અતિ સારા, ભાર ઉંચકશે સર્વે તમારા,
સત્ય કહું મનમાં ધારો, તો કહાન કુંવર પરણાવીએ રે..

દિન પૂંઠે દિન હરખમાં જાય, વ્રજવાસી સૌ આવે જાય,
વલ્લભ વ્રજ મેં લાડ લડાવે, તો કહાન કુંવર પરણાવીએ રે..

## ૩. પ્રભુજી વિના.

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હલાં,
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બલવંત માંગુ બાયડી રે..

સાંભળ મા મા એ વર રૂડો, જેની દ્રષ્ટિ એ સંસાર છે રૂડો,
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે..

મોહની મારી નિર્મુખ જોતી, હું ફરૂં રંગ રસિયો જોતી,
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે..

જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો,
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે..

ઘોલીડા તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો,
ચોંકેલાં ખૂપને ખંતથી લખાવો, તો ધરાવો મુજ હરિને કારણે રે..

મારા પિતાજીને લક્ષ તમારું, જુઓ બાઈ ભાગ્ય પૂરશે તમારું,
પહોંચતા પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે..

## ૪. રાવલમાં એક.

રાવલમાં એક શ્રી વૃષભાન, કન્યા ત્યાં પરનવા જુગધામ,
વ્રજ મેં સહુ કોઈ કરે વખાણ, તો કૃષ્ણ લાયક એક પુતલી રે..

ઘેર ઘેર વાત સદા એમ થાય, વાજતી વાજતી રાવલ જાય,
નંદ કુંવર વરે એ કન્યાય, તો કૃષ્ણ લાયક એક પુતલી રે..

કિરતી વાત ઘરમાં હે જણાવી, શ્રી વૃષભાનના મનને ભાવી,
ચાલી ચાલી ગોકુલમાં આવી, તો કૃષ્ણ લાયક એક પુતલી રે..

પહેલા શ્રી એક રાધા અવતાર, પછી સેવે છે નંદકુમાર,
વિવાહ વાત થઈ નિરધાર, તો કૃષ્ણ લાયક એક પુતલી રે..

જુગ જીવન પરણે પરણાવે, કલેવર તો બેઉ કારણે આવે,
વલ્લભ વ્રજ મેં લાડ લડાવે, તો કૃષ્ણ લાયક એક પુતલી રે..

## ૫. નંદ જશોદા હરખે.

નંદ જશોદા હરખે અપાર, સાંભળી વિવાહ વાત વિસ્તારી,
ગોકુલમાં થયો જૈ જૈકાર, તો લાલજીનો વિવાહ ગાઈએ રે..

માતાજીએ ઓછંગ લઈને લાલ, વચન સાંભળી ઉપજયો વ્હાલ,
ચુંબન ગાલે દીધું તત્કાલ, તો લાલજીનો વિવાહ ગાઈએ રે..

સાંભળી વાત તે શ્રી ઘનશ્યામ, માતાજી રૂડાં કરોની કામ,
તમે તમારા વધારોની નામ, તો લાલાજીનો વિવાહ ગાઈએ રે..

શ્રી વૃષભાન વેવાઈ થાશે, ઠકરાણી રાધાજી કહેવાશે,
વ્રજભૂમિમાં સૌ કોઈ ગાશે, તો લાલજીનો વિવાહ ગાઈએ રે..

વિવાહ વાત સદા એમ થાય, વર પરણે પરણ્યા કહેવાય,
વલ્લભ વાત સદા એમ થાય, તો લાલજીનો વિવાહ ગાઈએ રે..

## ૬. ગુરુ ચરણે કરજોડી રે લાગું.

ગુરુ ચરણે કરજોડી રે લાગું, સદા રે પ્રભુજીની ભકિત રે માંગુ,
હરિ ગુણ ગાઈ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

ભકિત મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખને સુખ શરીરે સહેતી,
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે,
હરિ ગુણ ગાઈ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

હું અપરાધીને કોણ મારું ગજુ, સંસાર સાગર  કયી પેર તાજુ,
રામનું નામ કયી પેરે તાજુ, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

રામજી વિના કારજ કયી પેરે સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે,
લક્ષ ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

જુગજીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા,
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

ધન જીવ્યું રે ગોકુલની ગોપી, જાદવ કુળની લજજા લોપી,
તન મન ધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

ગિરી ગોર્વધન નખ પર તોળ્યો, જઈ મથુરા મેં કંસને રોળ્યો,
માતપિતાનાં બંધન છોડાવ્યાં, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

રામનું નામ પ્રહલાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા,
સઘળા  ભૂપ મેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

રામાવતારે રાવણને માર્યો, બાંધી સાહ્યર સેના પાર ઉતારી,
ભક્ત વિભીષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું,
ધ્રુવને રાજ્ય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

રંકા વંકાને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાના સૂબા,
હનુમાન હરિચરણે સન્મુખ ઉભા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળુ, મીંરાબાઇ કીર્તન ગાઇ રસાળું,
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

નાભા પિયાં નામદેવ તમારા, દર્શન દીધા હરિએ ફેર દ્વારે,
ભકિત કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

ભક્ત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા,
લઇ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

અરજ અમારી સુણજો સ્વામી, હું પામાર પ્રભુ તમને પામી,
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે..

## ૭. ગંગા જમનાના નીર મંગાવો.

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો,
કેસરીઆ વાગાને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે..

પાઘડીએ રે સોના સેર બંધાવો, કૂમતડા લટકે લટકાવો,
બંધુવરને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે..

શ્રી ફલ ફોફળ લીધા છે હાથ, મોડ બાંધી રે જશોદા માત,
વામન દીવડો ઝાલ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતો રે..

ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રૂપદેખીને સહુનું ચિતડું ચઢયુ,
વલ્લભનું મન આનંદમા મળ્યુ, તો વરઘોડે વર શોભતો રે..

## ૮. જીરે પગરણે વ્હેલા પધારજો

જીરે પગરણે વ્હેલા પધારજો,
સધારજો રે સધારજો સેવકના કામ .... ..પગરણ..

જીરે તમો વિના સર્વે શોભે નહિ,
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન ... ..પગરણ..

જીરે વ્હાલાની જોઉં છું વાટડી,
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ... ..પગરણ..

જીરે અબલાની આશા પુરજો,
ઘણું શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણા ધારા... ..પગરણ..

જીરે રામ કૃષ્ણ પ્રભુ જન રંકને,
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ... પગરણ..

## ૯. તુલસીના કયારામાં કંકુના છાંટા.

તુલસીના કયારામાં કંકુના છાંટા
ત્યાં બેસી શ્રીકૃષ્ણ નાહયા રે ... ..ગોકુળના રહેવાસી..

હું તમને પૂછું મારા કુંવર કનૈયા
હાથમાંનું નાળીએર કયાંથી લાવ્યા રે ... ગોકુળના રહેવાસી..

મારેને ગાંધીડા ને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે... ..ગોકુળના રહેવાસી..

હું તમને પૂછું મારા કુંવર કનેયા
અંગેનો પોષાક કયાંનો લાવ્યા રે... ..ગોકુળના રહેવાસી..

મારેને મોસાળીયાને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે... ..ગોકુળના રહેવાસી.

## ૧૦. સતગુરુ સહાય કરો એકવાર રે.

સતગુરુ સહાય કરો એકવાર રે, મારો તો મૂરખનો અવતાર રે..
પત્થર કરતાં કઠણ હૈયું પ્રભુ મારું રે, તેમાં તો નામ ન ભેદ તમારું રે..
સદ્દગુરૂની વાત છે એવી વાંકી રે, સદ્દગુરૂએ પત્થર નાંખ્યાં ટાંકી રે..
ટાકીને મારગ મુગતા કીધાં રે, સદ્દગુરૂએ મંત્ર અવિચલ દીધો રે..
જે કોઈ સંતને આસન આપે રે, તેને વ્હાલો પોતેનો કરીને સ્થાપે રે..
જે કોઈ સંતને ધાઈ ભેટે રે, તેને વ્હાલો જન્મ મરણ દુઃખ મટશે રે..
જે કાઈ સંતને ચરણે નમશે રે, તે તો મારા ગુરૂ ગોવિંદને ગમશે રે..
આત્મા તો જ્ઞાન વિના ઘર સૂનું રે, સગપણ શોધી કાઢો કાંઈ જુનુ રે..
જીવતું તો જોતો નથી કાંઈ જાગી રે, મુઆ પછી મુક્તિ તેં શાની માગી રે..
એવી છે દાસ હરિની વાણી રે, તે તો તમે રૂદિયામાં રાખજો આણી રે..

## ૧૧. ઘોડી વરઘોડો ગાયે રામચંદ્રનો રે.

ઘોડી વરઘોડો ગાયે રામચંદ્રનો રે, કીરપા કરો રે સરસ્વતી માતા,
મુંજ રંકની રાખોની લાજ-રઘુનાથજીની ઘોડલી..

ઘોડી હંસા રે રઘુનાથની રે, લક્ષ્મણ લીલી પેહરો અસવાર રે,
ઉમેદ ભરથાર વરઘોડે ચઢયા, એવા ચતુર સુજાણ અજાણ... ..રઘુનાથ..

ઘોડીને મોઢે મોતી જડયા રે, કંઠ મુકતા તે ફળનો હાર રે,
ઝીણા ઝીણા રત્ન સોહામણા રે, તેના તેજ તણો નહિ પાર રે...રઘુનાથ..

નયણે તે કાજળ સાર્યા રે, હરિ સેંથે તે રસીયો સીંદુર રે,
ધન ધન જનક તારે આંગણે, જીરે મોતીડા તપે રે લલાટ... ..રઘુનાથ..

રઘુવર પરણવા સીધાવ્યા, હરિ મસ્તકે ભર્યો ખૂંપ રે,
વર બેની લેશે ઓવારણા, માતા કૌશલ્યાએ બાંધ્યો છે મોડ... ..રઘુનાથ..

રઘુવર તોરણે આવ્યા રે, સાસુ પોકવા વેલેરી ચાલ રે,
ધન ધન જનક તારા આંગણે, ત્યાં તો રામચંદ્રજી પોંકાય ... ..રઘુનાથ..

રઘુવર માયરામાં આવીયા રે, હરિ બેસણ સોનાના પાટ રે,
સામા પધરાવોની જાનકી રે, કંઠે આરોપી વરમાળા... ..રઘુનાથ..

ભલા છબીલા સહુ શોભતા રે, હરિ સસરાજીને દરબાર રે
જાન જમાડો રઘુનાથ રે, ત્યાં તો તુલસીદાસ ભલે ગાય રે ... ..રઘુનાથ..

## ૧૨. હેતે હરી ભજી લેજોની પ્રાણી.

(રાગઃ-રાધાજી રે ઘણું હરખ્યાં છે મન)

હેતે હરી ભજી લેજોની પ્રાણી, અવસર આવ્યો રૂડો જાણી,
મટી જાશે માયાની ધાણી, તો જોની વિચારી પ્રાણીઓ રે..

માયાનું સુખ છે ઠાલું થોથાં, સંગ કરીને ખવડાવે ગોથાં,
હરિગુરુ સંતનું ઝાલની ઓથું, તો અંત સમે ઉગારશે રે..

ઉગરવાનો એ રે ઓવારો, સફલ ફેરો થાશે તમારો,
અવસર આવ્યો અતિ સારો, તો રામ નિરંતર સેવીએ રે..

રામે અનંત કોટિ લીધાં ઉગારી, પતિત પાવન છો ગિરધારી,
અજામિલ ગજ ગુણકા તારી, તો તારણ તારણ શ્રી હરિ રે..

શું રે બેઠો જીવ રામ વિચારી, અંત સમે શી ગત થાશે તારી,
હરિદાસ હૈયામાં લેજોની ધારી, તો દોહ્યલાં દાસને જાણીને રે..

## ૧૩. રાધાને કૃષ્ણ બન્ને.

રાધાને કૃષ્ણ બન્ને ચઢયાં વરઘોડે, માંડવડો વધાવયો છે કોડે
કેડે બેસી બન્ને જાય છે જોડે, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

નંદ જશોદાનાં પગલાં પનોતાં, ગાતાં ને વાતાં પાદરે પહોંચ્યા
વળાવી આવ્યાં સર્વે સમોતાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

વેવાઇ ભેટયા છે આનંદ આણી, ભેટતાં ભેટતાં બાંધ્યા છે તાણી
મશ્કરીમાં હસ્યાં સૌ પ્રાણી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

આપ્યું છે દાને લીધું છે દામ, છોડાવ્યાં નંદરાય વૃષભાન
સંગાથે મળીને ચાલી છે જાન, તો જુગલ સ્વરૂપે પધાર્યા રે..

કેડે બેઠાં તેનું દામ જ આપ્યું, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું
આનંદે ઉલટીને સર્વેને આપ્યું, તો જુગલ સ્વરૂપે પધાર્યા રે..

કેડેથી વરવધૂ બેઠાં રથમાંહી, તેત્રીશ કરોડ સ્તુતિ કરે ત્યાંહી
સાસરિયામાં લાગજો સહુને પાય, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

પાછળથી સૈયર સહુ વળાવીને વળ્યાં, જલ જમુનાના ભરીને લાવ્યાં
કયારે દેખીશું બેન હવે મન ભાવ્યા, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

પાછી ફરી જુઓ બાઇ બહેની, સગાં કુટુંબ કહે દર્શન દેની
રાધાજી બોલ્યા અંતે હું એની, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

હાંકો રથ રહયાં સહુ થોભી, રાધાકૃષ્ણ પર રહયાં છે લોભી
ગોકુલ ગામ રહયું સર્વે શોભી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

કુંવર પરણાવીને નંદ ઘરે આવ્યાં, સુંદર નાર પદ્માણી લાવ્યાં,
સોનાને ફૂલડે સર્વે વધાવ્યાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

શશિ કોટી ઉપમા રે જેને, નંદજીનો લાલો પરણ્યો છે તેને,
નિરખીને વલ્લભ થયો છે આનંદ, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે..

## ૧૪. સંતો સાથમેં તુલસી.

સંતો સાથમેં તુલસી હાથમાં બોઢાણો હરિજન,
માઝરે ચઢી મહારાજીઆ રે ત્યારે પોતે થયા પ્રસન્ન.
પ્રભુજી પધાર્યા હરિ હેયામાં હરખે વધાવ્યાં...

ચૌટે ચાલવું મારગે માલવું શામળીયો છે અજાણ,
બોઢાણ સાથે પ્રભુજી બોલ્યા રે હું તો આવું તમારી સાથ... પ્રભુજી પધાર્યા..

બળદ છોડયા વેલેરા જોડયા આવ્યા તે મારગ માંય,
એક દીઠો લીલો લીમડો રે મારા હરિએ કીધો વિશ્રામ... પ્રભુજી પધાર્યા..

ગુગરીઓ આવ્યા વણ બોલાવ્યાને વઢવાનો વિચાર,
ધ્વારીકાથી ડાકોર આવ્યા રે એટલે ઉગ્યો છે સૂરજ ભાણ... પ્રભુજી પધાર્યા..

ચંદન ચોરવા ત્રિકમ તોલવા લેવા ઝાઝેરાં મૂલ,
હરિ તો હલકા થયા રે જાણે ફૂલ્યા જાવંત્રીના ફૂલ... પ્રભુજી પધાર્યા..

દેશ ચણાવ્યા પાલખી બંધાવી થઈ છે લીલા લહેર,
ગુગરીએથી ગોવિંદજી ઉપડયા રે એવો ભુદરજીનો ભાવ... પ્રભુજી પધાર્યા..

આખા લીમડાંમાં એક ડાળ મીઠી, નજરેના દીઠી સાંભળ સાચી વાત,
કડવાશ એનો ગયો રે મારા હરિએ ઓઢાવ્યો હાથ... પ્રભુજી પધાર્યા..

સામું જોયુંને મનડું મોહયું નિરખ્યાં સુદર શ્યામ
આશા તે રામની અહી રહી રે ગુગરીઓ ગયા પોતાને ગામ...પ્રભુજી પધાર્યા..

## ૧૫. તુ તો રામ રટણ કર રંગમાં.

(રાગઃ  જી રે પગરણે વ્હેલા પધારજો.)

તુ તો રામ રટણ કર રંગમાં,
તારૂં જાય રે (૨) જુવાનીનું જોર અવસર આવો નહિ મળે..

જીરે કાચો તે કુંભ જલે ભર્યો,
તેને ફૂટતાં રે (૨) નહિ લાગે વાર અવસર આવો નહિ મળે..

જીરે કાચા સુતરનો રે તાંતણો,
એને તુટતા રે (૨) નહિ લાગે વાર અવસર આવો નહિ મળે..

જીરે વાડી ખીલીને ફુલ્યો મોગરો,
તેને કરમાંતા રે (૨) નહિ લાગે વાર અવસર આવો નહિ મળે..

જીરે બાજીગરે રે બાજીરચી,
એને સમેટતાં રે (૨) નહિ લાગે વાર અવસર આવો નહિ મળે..

જીરે પાંચ તત્વનું રે પૂતળુ,
માંહી બોલનારો રે (૨) આતમ રામ અવસર આવો નહિ મળે..

જીરે ગગન મંડળમાં રે ચોરી રચી,
ત્યાં પરણે રે (૨) આતમ રામ અવસર આવો નહિ મળે..

જીરે દાસ પ્રીતમની વિનંતી,
અમને મળ્યો રે (૨) છે સદગુરૂ શ્યામ અવસર આવો નહિ મળે..

## ૧૬. કંકુ છાંટી કંકોત્રી મોકલે.

કંકુ છાંટી કંકોત્રી મોકલે, કોડ કહાવે સુભદ્રાબેન વીરા વ્હેલા આવજો..
કૃષ્ણજીને બલિભદ્ર બેઉ બંધવા, તમો આવો તો થાય સુખ ચેન
ભત્રીજા છે સૌ મન ભાવતા, પવિત્ર પિતા છે વાસુદેવ... વીરા વ્હેલા..
પનોતા પિયર પરિવાર છે, નિરખતાં વધશે સ્નેહ... વીરા વ્હેલા..
મેં તો પ્રેમે પગરણ માંડીયા, રૂડો જગન રચ્યો રાજા સોહે... વીરા વ્હેલા..
એક પત્રિકાએ વ્હેલા આવજો, સજન કુંટુંબ પરિવાર... વીરા વ્હેલા..
ભાઈભાંડુ હમારી ભાભીઓ, સોળ સહસ્ત્ર એકસો ને આઠ... વીરા વ્હેલા..
વીરા થોડું કહયું ઘણું માનજો, મારે વીરાનો છે આધાર... વીરા વ્હેલા..
જગત જનની દેવકીને રોહિણી, ભાઈ ભવતારણ એવા વીરા... વીરા વ્હેલા..
અમોને તમો વિના વ્હાલું નથી, કુળવંતુ ગુણવંતુ ગામ... વીરા વ્હેલા..
રૂડી રુકમણિ જેને મન વસ્યા, ઠકરાણીના જુઓ ઠાઠ... વીરા વ્હેલા..
જેઠ દિયર છે કોડામણાં, નિત જપે છે તમારા નામ... વીરા વ્હેલા..
પાંચ પાંડવના તમો વીરા, સૌનું કલ્યાણ કારણ દેવ... વીરા વ્હેલા..
એકી રે બાંયે જશ સાચો, કર્યો શેષ નાગને પાર... વીરા વ્હેલા..
દુઃખ જાશે રે આ દેહનાં, દેખતાં દેશમાં વધશે... વીરા વ્હેલા..
વેદ વાદી વિપ્રને લાવજો, બીજી ઉત્તમ અનેક વરણ... વીરા વ્હેલા..
સંગે જાદવ સર્વેને તેડજો, સ્વજન કુટુંબ સર્વ સાથ... વીરા વ્હેલા..
મારા સસરાને લાડીલો દિયર, મારી સાસુને અમર ચીર... વીરા વ્હેલા..
મારા જેઠને કરજો જોડ ધોતિયા, જેઠાણીને રેશમના ચીર... વીરા વ્હેલા..
મારા દિયરની લાવો પામરી, દેરાણીને સાયલની જોડ... વીરા વ્હેલા..

મારી નણંદીને લાવો ચુડી, મારા નંદોઈને વીરા ઝુલ...   વીરા વ્હેલા..

મારી ગેડીને લાવો વીસ ઢીંગલા, કુંવારીઆ રાતો મોડ...   વીરા વ્હેલા..

વીરા ઘરમાં ઘોડીનો વીરો હસતો, જેને મોતીડે જડી પલાણ... વીરા વ્હેલા..

મારા જેઠ આવ્યા જેઠાણી સુત, એક ન આવ્યો માડીનો જાયો...વીરા વ્હેલા..

હું તો ઊંચી ચઢુંને નીચે ઉતરું, હું તો જોઉં મારા વીરાની વાટ... વીરા વ્હેલા..

મારી નણંદ સરખા બોલ્યા, ભાભી ના આવ્યા તમારા વીર...   વીરા વ્હેલા..

મારા દિયર વધામણી લાવ્યા, ભાભી આવ્યા તમારા વીર...   વીરા વ્હેલા..

વીરા દ્વારીકાથી ગાજયો ગડગડયો, વરસ્યો હસ્તિનાપુર મેહ...   વીરા વ્હેલા..

હવે તોરણ માંહે ઝબુકીઆ, વળી સળકયાં ઘોડીના સીન...   વીરા વ્હેલા..

હવે ઝળકયાં વીરા માથે મોડિયાં, હવે ઝળકયા ભાભીનાં ચીર... વીરા વ્હેલા..

વીરા આવ્યાને વાડીએ ઉતર્યા, બેન તેડવાને જાય...   વીરા વ્હેલા..

## ૧૭. ગોવિંદજી પરણેને નંદજી પરણાવે.

ગોવિંદજી પરણેને નંદજી પરણાવે, તે રે દિવસ સખી કયારે આવે,
સાંજી દેવ ત્યાં આણી બોલાવે, તો ચારે મંગલ ગાઈશું રે..

જશોદાજી આપણને બોલાવે, ખોળામાં કંઈ નૌતમ લાવે,
નવું નવું કરીને ગવડાવે, તો ચારે મંગલ ગાઈશું રે..

વર વનમાલીરે આવીને આવીને જુએ, સાંભળતા સૌ દુઃખડાં ખુએ,
તે સમે માવડી ગાવડી દુહે, તો ચારે મંગલ ગાઈશું રે..

આવીને તે કહાનની પાસે, માતાનું મન રૂડું રે થાશે,
નિરખી સ્વરૂપ રસિક સોહાસે, તો ચારે મંગલ ગાઈશું રે..

વરઘોડે વર જયારે ચઢશે, વ્રજ મેં સૌ કોઈની દૃષ્ટિએ પડશે,
વલ્લભનું મન ત્યાં ગળશે, તો ચારે મંગલ ગાઈશું રે..

## ૧૮. તું તો રામ રટણ કર રંગમાં.

તું તો રામ રટણ કર રંગમાં,
તારા અંગમાં રે (૨) ઉપજે આનંદ ... ગોવિંદ ભજો ભાવશું..

પરમાર્થ અર્થ વિચારીએ,
તજ સ્વાર્થ રે (૨) માયાનો ફંદ ... ગોવિંદ ભજો ભાવશું..

કાયા માયા તો કારમી
તેને વણસતાં રે (૨) ન લાગે વાર ... ગોવિંદ ભજો ભાવશું..

મૃગતૃષ્ણાના જળે આશભર્યો,
એવો જાણ રે (૨) નાસ વંત સંસાર... ગોવિંદ ભજો ભાવશું..

ગુંજા વહિન તે મરકટે માનીઓ
તેણે શીત રે (૨) ટળે ન લગાર ... ગોવિંદ ભજો ભાવશું..

ઉસ ઉદક બીડી બરસની,
તેણે ઉડયારે (૨) તણો ઈતબાર ... ગોવિંદ ભજો ભાવશું..

સપનામાં સમૃદ્ધિ પામીએ,
જાગી જોતા રે (૨) ન રહે જરાય ... ગોવિંદ ભજો ભાવશું..

ધુમાડાનો ઢગ સોહામણો,
ધુમર મુઠીમાં રે (૨) ન સમાય ... ગોવિંદ ભજો ભાવશું..

સાચી સંગત સતગુરૂ સંતની,
તેથી જીવ પણું રે (૨) ટળી જાય... ગોવિંદ ભજો ભાવશું..

કહે પ્રીતમ પ્રભુને સંભાળતા,
મહા પાપી રે (૨) પાવન થાય ... ગોવિંદ ભજો ભાવશું..

## ૧૯. જી રે આ રે લીલા રે.

જી રે આ રે લીલા રે દીનાનાથની,
એને મોહયાં રે (૨) સર્વે સંસાર ...હરિ રસ મીઠડો..

જી રે ગોકુલમાં રે હરિ અવતાર્યા,
ગોપીઓને રે (૨) લડાવ્યા લાડ ...હરિ રસ મીઠડો..

વ્હાલે વેણ વગાડી વન તેડીયા,
વૃંદાવનમાં રે (૨) રચ્યો રાસ ...હરિ રસ મીઠડો..

જી રે ગોકુલ રાખ્યું રેલતું,
કંસરાયને રે (૨) કરવા કેર ...હરિ રસ મીઠડો..

હરિને પીળાં પીતાંબર ધોતિયા,
રાધાજી ને રે (૨) નવરંગ ચીર ...હરિ રસ મીઠડો..

હરિને મસ્તકે મુગટ સોહામણા
હરિને કુંડલ રે (૨) ઝલકે કાન ...હરિ રસ મીઠડો..

હરિને કાને કુંડલ સોહામણાં,
રાધાજી ને રે (૨) નવલખાં હાર ...હરિ રસ મીઠડો..

જી રે કંકું કેસર ઘોળીયા,
રંગે ગાયે રે (૨) નરસૈયો દાસ ...હરિ રસ મીઠડો..

## ૨૦. હું તો હરજી જોવાને નિસરી.

હું તો હરજી જોવાને નિસરી,
મારા ગુરુજીએ રે (૨) દીધો ઉપદેશ ...વ્હાલાજીને નીરખવા..

મારે શીલ સંતોષ કલ્લાં કાંબી,
પાયે ઝાઝંરનો રે (૨) ઝમકાર ...વ્હાલાજીને નીરખવા..

મેં તો શ્યામ સોનાનું લીધું બેડલું
છોડી ચાલીયા રે (૨) ઘરના કામ ...વ્હાલાજીને નીરખવા..

વ્હાલે બંસી બજાવી એના રંગમાં
મારા ઘરમાં રે (૨) ઘડી ન રહેવાય ...વ્હાલાજીને નીરખવા..

વ્હાલા શેરીમાં સામા રે મળીયા
હું તો લળી લળી રે (૨) લાગું પાય ...વ્હાલાજીને નીરખવા..

વ્હાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની,
છેડે આત્મા રે (૨) રામનું નામ ...વ્હાલાજીને નીરખવા..

હું તો ભરમાં ભૂલી રે સેંથો પૂર્યો
પુરી દાસ રે (૨) ગોપાલની આશ ...વ્હાલાજીને નીરખવા..

## ૨૧. તું તો રામ રટણ કર રંગમાં.

તું તો રામ રટણ કર રંગમાં,
હવે રાખો રે (૨) હરિ સાથે હેત અવસર આવો નહિ મળે..

ખોટા ખેલમાં શું રે ખુચી રહયો.
ઊઠી આળસ રે (૨) મુકી અચેત ... અવસર આવો..

પ્રાણી પ્રપંચમાં શું મચી રહયો,
માની છૈયા તણું રે (૨) સુખ સાર ... અવસર આવો..

કાળ ખાશે કહેશે જે કહયું નથી,
નથી માનતો રે (૨) ગાફેલ ગમાર ... અવસર આવો..
સાચું સ્મરણ કરી શુધ્ધ ભાવશું,
ટળે તનમન રે (૨) કેરો વિકાર ... અવસર આવો..
વિષય ભુતે ભવમેં ભમાવ્યો,
ક્ષણ બેઠો રે (૨) નહિ ઠરી ઠામ ... અવસર આવો..
અંતે રંગ પતંગ જશે ઉતરી,
કાચી કાયા રે (૨) ન આવે કશું કામ ... અવસર આવો..
કહે પ્રીતમ બ્રહ્મ સ્વરૂપને,
જેનો મહિમા રે (૨) છે અગમ અપાર ... અવસર આવો..

## ૨૨. આજ મારે આંગણિએ.

આજ મારે આંગણિએ આવીને રંગ વધાવ્યો રે..
સુંદર શામળિયાજી પ્રીતે પધાર્યા રે..
સખી રે એને મારી પ્રીત પેલા ભવ તણી રે..
હથેવારો સાર્યો ને અખંડ હું થઈ રે..
ઈચ્છાવર અલબેલાજીને હું વરી રે..
મંગળ ફેરા ફરીને સફળ હું થઈ રે..
કંસાર કોળીયા વાળીને લીધો હાથમાં રે..
હું તો પરણી ચોરી માંહે એ લાલને રે..
જે કોઈ ન પામે તે પામી મોંઘા મૂલે રે..
સુખના રાજ આવ્યાંને દુઃખની ઘડીઓ ગઈ રે..
જગમાં જશ વધ્યોને હરિ ગુણ ગાઈએ રે..
બીજા નરસૈયાના સ્વામી અમી રસ પાય રે..

## ૨૩. જોગીન્દ્રપણું રે શિવજી.

જોગીન્દ્રપણું રે શિવજી તમારું મેં જાણ્યું,
જટામાં ઝાલીને શિવજી રત્ન કયાંથી આણ્યું તો ...જોગીન્દ્રપણું..

લીલી પીળી પટોળીને ખાંધે છે ઝોળી,
શીદને છુપાવો વ્હાલા, સતી થઇ છે ચોરી તો ...જોગીન્દ્રપણું..

કોઇ લાવે હાથે ઝાલી, કોઇ લાવે કેડે ઝાલી,
તમે તો લાવ્યા રે શિવજી,મસ્તકે ચડાવી તો ...જોગીન્દ્રપણું..

જુઠું બોલો તો શિવજી જટા રે છોડાવું,
જો નીકળે નારી તો, ફરી ના બોલાવું તો ...જોગીન્દ્રપણું..

ભોળા ભોળા શંભુ તમને, વિશ્વ વખાણે,
મહાદેવના ગુણ તે તો, પાર્વતી જાણે તો ...જોગીન્દ્રપણું..

સુખડનું લાકડું ને, અબીલ ગુલાલ,
કેસર ઘોળ્યા ચંદન, ભર્યા રે કપાળ તો ...જોગીન્દ્રપણું..

અંગે ભભૂત શિવજી કંઠે કાળો નાગ,
કૈલાસની ઝૂંપડીમાં ગંગા માગે ભાગ તો ...જોગીન્દ્રપણું..

ચોરની બુદ્ધિને , આડો વાળ્યો આંક,
પરણી લાવ્યા તે મારા કર્મનો વાંક તો ...જોગીન્દ્રપણું..

બાજરાનો રોટલોને, ટીંડોળાનું શાક,
પીરસે માતા પાર્વતીને જમે ભોળાનાથ તો ...જોગીન્દ્રપણું..

આંકડો ધંતૂરો શિવજી, ભાંગના છો ભોગી,
ભણે રે નરસૈંયો વ્હાલો, જૂનાગઢનો જોગી તો ...જોગીન્દ્રપણું..

## ૨૪. ઉઠો વૃષભાન વરાવોની જાન.

ઉઠો વૃષભાન વરાવોની જાન, તમે તમારુ રાખોની માન,
ઊગે છે ભાણને થાય છે તડકો , તો કન્યાને વળાવીએ રે..

નંદરાયને એક પામરી જોડ, બેસવાને આપ્યો છે ઘોડો,
સૌ પહોંચ્યા છે મનના કોડ, તો કન્યાને વળાવીએ રે..

નૌતમ રંગ તણી એક સાડી, જશોદાજીએ પહેરવા કાઢી,
ઉઠે છે પહોળીને લાંભી છે સાડી, તો કન્યાને વળાવીએ રે..

રોકડાં નાણાં આપ્યા અપાર, જોવા મળ્યાં છે સર્વે લોક,
શેરીએ શેરીએ કોલાહલ , તો કન્યાને વળાવીએ રે..

રથ માફા સૌ તૈયાર કીધાં,વહેલ તણી બહુ વાગી છે લાહ,
એનો કહેતા નહિ આવે પાર, તો કન્યાને વળાવીએ રે..

સખીઓ મળી સૌ ગાઇ છે ગીત, વિવાહ તણી ભલી રાખે છે રીત,
વલ્લભને વળાવવાની પ્રીત, તો કન્યાને વળાવી એ રે..

## ૨૫. ખોટ પડશે હવે તારી.

ખોટ પડશે હવે તારી હો સ્નેહી બેની ખોટ પડશે હવે તારી...
માતાએ રૂડો જન્મ જ આપ્યો,
પિતા એ તુજને પરણાવી રે ...હો સ્નેહી..
વીરા કોલેજમાંને બેની સાસરીએ,
માતા પિતાની કોણ લે સંભાળ ...હો સ્નેહી..
વહેલી વહેલી આવજેને પત્ર પાઠવજે,
કરજે મૈયર કેરી યાદ રે...હો સ્નેહી..
જીવનનું નાવ તારું હળવે હંકારજે,
ભરદરિયે વચ્ચે ડુબી જાયના ...હો સ્નેહી..
હૃદય મંદિરમાં મૂર્તિ છે તારી,
તે તો કદીના ભૂલાય રે...હો સ્નેહી..

## ૨૬. સત ગુરૂજી રે લગન.

સત ગુરૂજી રે લગન લઈ આવ્યા, શબ્દ સંસાર મારે મન ભાવ્યા,
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો ભાગ્ય ફર્યા પેલા ભવતણા રે..

શબ્દરૂપી ચાંદલિયો રે ચોડયો, નિવૃત્ત કન્યા શું વિવાહ જોડયો,
કામ ક્રોધનો ભય સહુ મોડયો, તો વિવાહ જોડયો જાુગતે કરી રે..

ગગન મંડલમેં માંડવો રચાવ્યો, પચરંગી રંગે રંગાયો,
અમી રસ કુપી દોરીએ બંધાયો, તો સાચો કાચે તાર શું રે..

મંડપની શોભા અતિ સારી, રત્ન જડિત જરૂખાને જારી,
અનંત કલા સુરતિ જાયે વારી, તો ઝલહલ જયોતિ ત્યાં ઝળહળે રે..

હૃદય મેં હરિવર તોરણે રે આવ્યા, સોળે કળા રે સંપૂર્ણ લાવ્યા,
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે..

સુષ્મણા સાસુજી પોંકવા આવ્યા, પાંચ પચ્ચીશને વાળી લાવ્યા,
ઈંગલા પિંગલાને બેડલાં ચઠાવ્યા, તો પોંકણ પોંકયા પ્રમશું રે..

નિવૃત્તિ કન્યાને પધરાવો, સતગુરૂ શબ્દનો હસ્ત મેળાવાવો,
રણકાર વેદની ધૂમ મચવો, તો અનહદ વાજાં ગડગડે રે..

ભજન કરી જેણે હરિવર વર્યા, જન્મ મરણનો ફેરો ટળ્યો,
કહે પ્રેમદાસ સાચા સતગુરૂ મળ્યા તો, અખંડ ચૂડો અમર રહયો રે..

## ૨૭. મઘ મઘ કરતી વેણીઓમાં.

મઘ મઘ કરતી વેણીઓમાં વચ્ચે ગુલાબનું ફુલ,
જયારે બેની જાય સાસરે ત્યારે સેંથે પુરો સિંદુર...

સસરા તમારા દશરથ સરખા, સાસુ ગંગાના નીર,
સાસુ સસરાને પાયે પડીને, બેની દીપાવજે તુ કુળ ... ..મઘ મઘ..

જેઠ તમારા રામચંદ્ર સરખા, જેઠાણી ચંદ્રમાનું તેજ,
જેઠ જેઠાણીના કામો કરીને,બેની દીપાવજે તુ કુળ ... ..મઘ મઘ..

દિયર તમારા લક્ષ્મણ સરખા, દેરાણી નાનેરું બાળ,
દિયર દેરાણીને લાડ લડાવીને,બેની દીપાવજે તુ કુળ ... ..મઘ મઘ..

નણંદ તમારી સૈયર સરખી, નણદોઈ ઘરના મહેમાન,
નણંદ નણદોઈનું સ્વાગત કરીને,બેની દીપાવજે તુ કુળ ... .મઘ મઘ..

પ્રિયતમને તારો પરમેશ્વર માનજે, પ્રિતમના કહયા પ્રમાણે ચાલજે,
પતિ વ્રતાનો ધર્મ બજાવીને બેની દિપાવજે તુ કુળ ... ..મઘ મઘ..

પહેલું દિપાવજે તું જનની કુખને, બીજું દિપાવજે તુ કુળ,
ત્રીજું ત્રિલોકમાં દિપાવજે બેની, હિન્દુ ધર્મનું નૂર ... ..મઘ મઘ..

## ૨૮. બેના રે ... સાસરીએ..

બેના રે ... સાસરીએ જાતા જો જો પાંપણના ભીજાંય,
દીકરી તો પારકી થાપણ કહેવાય (૨) બેના રે...
દીકરીને ગાય દોરે ત્યાં જાય, દીકરી તો પારકી થાપણ કહેવાય ...બેના રે...

બેની તારા, માથે બાપનો, હાથ હવે નહિ ફરશે, હાથ હવે નહિ ફરશે,
રમતી તી તું, જે ઘરમાં એની, ભીંતે ભીંતો રડશે, ભીંતે ભીંતો રડશે,
બેના રે ... વિદાયની એ વસમી વેળા રોકીના રોકાય...
દીકરી તો પારકી થાપણ કહેવાય (૨) બેના રે...

તારા પતિનો, પડછાયો થઈ, રહજે સદાયે સાથે, રહજે સદાયે સાથે,
સોહાગી, કંકુ સેંથામાં, કંકણ શોભે હાથે, કંકણ શોભે હાથે,
બેના રે...તારી આવે યાદના ફુલો કોઈ દિ ના કરમાય...
દીકરી તો પારકી થાપણ કહેવાય (૨) બેના રે...

આમ જુઓ તો, આંસુ સૌનું, પાણી જેવુ પાણી, પાણી જેવુ પાણી,
સુખનું છે કે, દુઃખનું એ તો, કોઇ શકયું ના જાણી, કોઇ શકયું ના જાણી,
બેના રે...રામ કરે, સુખ તારું કોઈ દિ નજર્યુ ના નજરાય...
દીકરી તો પારકી થાપણ કહેવાય (૨) બેના રે...

## ૨૯. બેની તારા પાનેતરમાં.

બેની તારા પાનેતરમાં ચંદ્રતણો શણગાર.
હો બેની સુહાગનો શણગાર (૨)..

પ્રથમ પ્રણામ તારા માતાને કરજે,
બીજા પ્રણામ તારા પિતાને કરજે,
માતા પિતાના આશીષ લઇને સાસરીયે તુ જા...હો બેની સુહાગ.

ત્રીજા પ્રણામ તારા કાકાને કરજે,
ચોથા પ્રણામ તારા કાકીને કરજે,
કાકા કાકીના આશિષ લઇને સાસરીયે તુ જા...હો બેની સુહાગ.

પાંચમા પ્રણામ તારા વીરાને કરજે,
છઠ્ઠા પ્રણામ તારા ભાભીને કરજે,
વીરા ભાભીના આશિષ લઇને સાસરીયે તુ જા...હો બેની સુહાગ

સાતમાં પ્રણામ તારા ફૂઆને કરજે,
આઠમાં પ્રણામ તારા ફોઇને કરજે,
ફોઇ ફૂઆના આશિષ લઇને સાસરીયે તુ જા ...હો બેની સુહાગ.

## ૩૦. એ મેરે દિલકી બેની.

(રાગઃ એ મેરે વતન કે લોગો )

એ મેરે દિલકી બેની તું આજ બની છે પરાઈ,
તું મુજને નહિ વિસરતી તારી એક તમન્ના બાકી.
જયારે વાત લગ્નની આવી, ત્યારે આંખમાં આવે પાણી,
દિલ રડી રહયું અંતરમાં, આજે આગ લાગી છે જીવનમાં.
એ આગને કોણ હોલવશે, એને કોણ શીતળતા આપશે,
આજે પ્રેમ સરિતા સુકાણી, તારી એક તમન્ના બાકી.
એક દિન જયારે એવો આવશે કોઈ અશ્વ ચઢીને આવશે,
જયારે બ્રાહ્મણ વેદ ભણાવશે, તારા મંગળ ગીત ગવાશે..એ મેરે...

## ૩૧. તારલે મઢેલો મંડપ.

(રાગઃ ઝીલમીલ સિતારો કા)

તારલે મઢેલો મંડપ હશે, એમાં મારી બેનીનાં લગ્ન થાશે..

અમે અમારા બેનીને વીંટીથી સજાવીશું,
વીંટીના ગમે તો બેનીને ઘડીયાળથી સજાવીશું,
વીંટી થી સુંદર ઘડીયાળ હશે, ઘડીયાળથી સુંદર બેનીનું મીંઢળ હશે...તારલે.

અમે અમારા બેનીને સાડીથી સજાવીશું,
સાડીના ગમે તો બેનને સેલુથી સજાવીશું,
સાડીથી સુંદર સેલુ હશે, સેલુથી સુંદર બેનનું પાનેતર હશે... ...તારલે.

અમે અમારા બેનીને ફૂલોથી સજાવીશું,
ફૂલોના ગમે તો બેનને કળીઓથી સજાવીશું,
ફૂલોથી સુંદર કળીઓ હશે, કળીઓથી સુંદર બેનની વરમાળા હશે...તારલે.

## ૩૨. બેની જાવોને સાસરીએ.

(રાગઃઓઢણી ઓઢું ઓઢુંને ઉડી જાય)

બેની જાવોને સાસરીએ,
તારા માતા મુંઝાય, તારા પિતા મુંઝાય,
તારા સાસુ હરખાય, તારા સસરા હરખાય,
બેની ના હૈયામાં કંઈ કંઈ થાય... બેની જાવોને...

હો રે, હો રે, તારા સસરાને પાયે પડાય..
હોય હોય હોય હોય પાયે પડાય પાયે પડાય..

તારા વીરા મુંઝાય તારા ભાભી મુંઝાય,
તારા જેઠ હરખાય તારા જેઠાણી હરખાય,
બેનીના હેયામાં કંઈ કંઈ થાય... બેની જાવોને...

હો રે હો રે તારા જેઠોના ગુંગટ તણાય..
હોય હોય હોય હોય ઘુંઘટ તણાય ઘુંઘટ તણાય..

તારા બેની મુંઝાય તારા બનેવી મુંઝાય,
તારા નણંદ હરખાય તારા નણંદોઈ હરખાય,
બેનીના હૈયામાં કંઈ કંઈ થાય... બેની જાવોને...

હો રે હો રે તારા નણંદોઈને મહેમાન મનાય..
હોય હોય હોય હોય મહેમાન મનાય મહેમાન મનાય..
બેની જાવોને સાસરીએ...બેની જાવોને સાસરીએ...

## ૩૩. સોનેરી સાડલો પહેરીલ્યો રે..

સોનેરી સાડલો પહેરીલ્યો રે બેની પહેરી લ્યો રે,
એ તો મામાના આશીષ કહેવાય બેની એ તો મામાના આશીષ કહેવાય..

કુમ કુમ ચાંદલો ચોડી લ્યો રે બેની ચોડી લ્યો રે,
એ તો અખંડ સૌભાગ્ય કહેવાય બેની અખંડ સૌભાગ્ય કહેવાય..

માથામાં સિંદુર પૂરી લ્યો રે બેની પૂરી લ્યો રે,
એ તો પતિનો ધર્મ કહેવાય બેની પતિનો ધર્મ કહેવાય..

મંગળસુત્ર પહેરી લ્યો રે બેની પહેરી લ્યો રે,
એ તો પતિનું પ્રતીક કહેવાય રે બેની પતિનું પ્રતીક કહેવાય..

હસ્ત મેળાપ કરી લ્યો રે બેની કરી લ્યો રે,
એ તો જીવનમાં એક જ વાર રે બેની જીવનમાં એક જ વાર..

સસરાને જોઈ નીચું નમજો રે ધીરું બોલજો રે,
તમે રાખજો કુળની લાજ રે, બેની રાખજો કુળની લાજ..

જેઠોને જોઈને ઘુંઘટ તાણજો રે બેની તાણજો રે,
તમે રાખજો વીરાની લાજ રે બેની રાખજો વીરાની લાજ..

પતિ સુખે સુખ માણજો રે બેની માણજો રે,
એ તો જીવનનો ભરથાર રે બેની જીવનનો ભરથાર..

## ૩૪. સમજુ બાળકી જાય સાસરે.

સમજુ બાળકી જાય સાસરે, વચન માડીના ધ્યાનમાં ધરે,
સસુર પક્ષમાં લાજથી રહી, કસૂર કામમાં કરશો નહિ.

વચનથી વધ વેરીઓ ઘણાં, વચનથી વધે હેત આપણા,
વિચરવું મુખે મુખમાં સદા, વચન મીઠડાં બોલજે સદા.

સર્વ સાથ તુ ચાલજે મળી, ગર્વ ટાળીને જો ગઈ ઘડી,
સરસ સંપતુ વધારશે વળી, દુઃખ રૂપી નહી દેખશે કળી.

પર ઘરે બહુ બેસવું નહીં કદી, ઘર તણી કથા કહેવી નહીં સહી,
કુથલી પારકી જો કરે મુખે, દુશ્મનો થશે દાઝશે દુઃખે.

દીયર જેઠ શું થોડું બોલવું, અદબમાં રહી રોજ ચાલવુ,
વડીલ વૃધ્ધની ચાકરી કરી, પ્રભુ તણી પ્રીતી પામજે ખરી.

હઠ કરી કશું માગવું નહી, રૂસણું માંડીને દુભવવું નહી,
ઉપડતે શ્વરે વાલના વધે, રખડતે મને કામના સહે.

વખત જો મળે વાંચજે કશું, નવ રહીશ તું બેન આળસુ,
અસુર સાંજના ના એકલુ જવુ, અતિશય આકાર ક્રોધી ના થવું.

હસમુખા રહે પ્રેમવધશે, કુટુંબ કલેશ તો દૂર સૌ થાશે,
અધમ પાપથી વેગળા રહી, ભજન ભકિતમાં રાચવું સહી..

## ૩૫. આજ ઘડીની રાતે.

આજ ઘડીની રાતે બેની સાસરે જવાના,
બેની હમારા બેની શા માટે ક્રોધે ભરાયા..

માતા પિતાને છોડી જવાના,
સાસુ સસરાની સંગે જવાના,
નાના સરખા દિયરીયાના ભાભી રે થવાના... બેની હમારા..

વીરા ભાભીને છોડી જવાના,
જેઠ જેઠાણીની સંગે જવાના,
નાના સરખા ભત્રીજાના આન્ટી રે થવાના ... બેની હમારા..

બેન બનેવીને છોડી જવાના,
નણંદ નણદોઈની સંગે જવાના,
નાના સરખા ભાણેજના મામી રે થવાના ... બેની હમારા..

સખી મંડળને છોડી જવાના,
......લાલ ની સંગે જવાના,
ફ્રેન્ડ સરકલના ભાભી રે થવાના ... બેની હમારા..

## ૩૬. ઊંચા ચોરા ચંદન ચોકઠાં રે.

ઊંચા ચોરા ચંદન ચોકઠાં રે,
તાં રૂડી ભમરીયા રે સેજ નણંદલ લેરીઉં રે..
રાણી કંઈ વહું ઢોળે વાવ નણંદલ લેરીઉં રે..

વાવ ઢોળતાં ને પીયુને પૂછીયા રે,
સ્વામી તમને શાની આવે ઉંઘ નણંદલ લેરીઉં રે..

આપણે સુમન બેની પરણાવી એ રે,
ગોરી મને હરખે આવે ઉંઘ નણંદલ લેરીઉં રે..

હરખના હિંડોળા બંધાવીએ રે,
ગોરી મને હીચકે માઝમ રાત નણંદલ લેરીઉં રે..

## ૩૭. મારી લાડકવાયી જાય.

મારી લાડકવાયી જાય, છોડી મૈયરીયાની માયા..
બેની લાડે કોડે સાસરીયે સીધાવજે
બેની સદ્‌ગુણી થઈ બંને કુળ દીપાવજે... ..મારી લાડકવાયી..

કરજે સાસુજીની સેવા, સસરા સેવા કરવા જેવા,
પાયે પ્રિતમને પૂજીને કુળ દીપાવજે... ..બેની સદ્‌ગુણી..

માતા પિતા કહે લાડકડી, ડાહી ડમરી છે નાનકડી,
આવી દુઃખ પડે તોયે ઓછુંના લાવજે... ..બેની સદ્‌ગુણી..

નણંદી દેરાણી જેઠાણી, કોઈ બોલે કડવી વાણી,
સઘળુ સાંખી મીઠી વાણી તું સંભળાવજે... ..બેની સદ્‌ગુણી..

નાવું ધોવું ખાવું પીવું, સમજી હસવું હરવું ફરવું,
આવે અતિથિ મહેમાનને તું બોલાવજે... ..બેની સદ્‌ગુણી..

દિલડું અકળાયે મુંઝાયે, હરવા ફરવાનું મન થાયે,
સૌની આજ્ઞા લઈ પિયરીયે પાછી આવજે... ..બેની સદ્‌ગુણી..

સંપી સૌની સાથે રહેજે, આળ કે ગાળના તું દેજે,
અમૃત ઝરણા ભરતું નારી જીવન વિતાવજે... ..બેની સદ્‌ગુણી..

## ૩૮. અમદાવાદી પાન મંગાવો.

અમદાવાદી પાન મંગાવો હાં પાન મંગાવો,
સોપારી સવા લાખનું ...(૨)
બેનના હાથોમાં નાળિયેર નાળિયેરની અંદર પાણી,
પરણાવે એની માડી ... સોપારી (૨)
બેનના હાથોમાં રૂમાલ રૂમાલની અંદર લીટા,
પરણાવે એના પિતા ... સોપારી (૨)
બેનના હાથોમાં ઘડિયાળ ઘડિયાળની અંદર કાંટા,
પરણાવે એના કાકા ... સોપારી (૨)
બેનના હાથોમાં વીંટી વીંટીની અંદર હીરા,
પરણાવે એના વીરા ... સોપારી (૨)
બેનના ગળામાં હારો હારોની અંદર ભાજી,
પરણાવે એની ભાભી ... સોપારી (૨)

## ૩૯. ગોરા ગોરા રૂપને હો બેની.

ગોરા ગોરા રૂપને, હો બેની (૨) ઘુંઘટડે છુપાવડે,
સાસરૂં સંભાળજે, કુળને દીપાવજે...

સસરા તમારા વાસુદેવ સરખા, જઈને પાયે પડજે (૨)
સાસુ તમારા દેવકી સરખા, જઈને સેવા કરજે (૨) .. ગોરા ગોરા..

જેઠ તમારા રામચંદ્ર સરખા, જઈને ઘુંઘટ તાણજે (૨)
જેઠાણી તમારા સીતા સરખા, જઈને કામો મુકાવજે (૨) ..ગોરા ગોરા..

સાસુ નણંદલ સૈયરવાસી લાડકવાયા દિયરયાને,
ઓછા લાડ લડાવજે (૨) .. ગોરા ગોરા..

## ૪૦. ચારેય ભાઈઓને ઘોડલાની.

ચારેય ભાઈઓને ઘોડલાની હોંશ,
માયરામાં મેના રે બોલ્યા..

ધોળો ઘોડો તે કયા ભાઈને શોભતો,
તેથી ચઢતો બીજા ભાઈને હોંશ ...માયરામાં..

ગુલાબી ઘોડો તે બીજા ભાઈને શોભતો,
તેથી ચડતો ત્રીજા ભાઈને હોંશ ...માયરામાં..

લાલ ઘોડો તે ત્રીજા ભાઈને શોભતો,
તેથી ચઢતો ચોથા ભાઈને હોંશ ...માયરામાં..

લીલો ઘોડો તે ચોથા ભાઈને શોભતો,
ચારેય ભાઈઓની પૂરી થઈ હોંશ ...માયરામાં..

ચારેય વહુઓને  પટોળાની હોંશ,
માયરામાં મેના રે બોલ્યા ...માયરામાં..

સફેદ પટોળું તે મોટી વહુને શોભતું,
તેથી ચઢતું બીજી વહુને હોંશ ...માયરામાં..

ગુલાબી પટોળું તે બીજી વહુને શોભતું,
તેથી ચઢતું ત્રીજી વહુને હોંશ ...માયરામાં..

લાલ પટોળું તે ત્રીજી વહુને શોભતું,
તેથી ચઢતું ચોથી વહુને હોંશ ...માયરામાં..

લીલું પટોળું તે ચોથી વહુને શોભતું,
ચારેય વહુઓની પુરી થઈ હોંશ ...માયરામાં..

## ૪૧. રૂકમણી લખી કાગળ.

રૂકમણી લખી કાગળ મોકલે રે,
દ્વારીકાના નાથ રે જાદવરાય કુંદનપુર મેં પધારજો રે..

તે દિનને કારણે રે તજી છે ભૂખને તરસ રે,
જાદવરાય કુંદનપુર મેં પધારજો રે..

શામળીયા તમે સાંભળો રે,
બાલપણાની પ્રીત રે ... જાદવરાય કુંદનપુર મેં..

શીશુપાલ સૈન્ય લઈ આવ્યા રે,
અબળાની કરજો સંભાળ રે... જાદવરાય કુંદનપુર મેં..

આંખલડી ઝૂમી રહી રે,
ભકત વત્સલ ભગવાન રે... જાદવરાય કુંદનપુર મેં..

જશ તમારા સાંભળી રે,
તૃપ્ત થયા મારા મન રે... જાદવરાય કુંદનપુર મેં..

અવગુણ ઉર ધરશો નહિ રે,
જોશો નહિ કંઈ જાત રે... જાદવરાય કુંદનપુર મેં..

હું છું જન્મજનમની રે,
ચરણ કમળની દાસી રે... જાદવરાય કુંદનપુર મેં..

રઘુનાથના સ્વામી શામળા રે,
અબળાની પૂરજો આશ રે... જાદવરાય કુંદનપુર મેં..

# ૪૨. રાજા જનકને માંડવે.

(રાગ- રૂડું તે ગામ વિરપુરનું રે..)

રાજા જનકને માંડવે, ભાવે મળ્યા છે ભૂપ,
સીતા બેઠાં છે જારીએ, નિરખ્યાં રામચંદ્ર રૂપ ... ..રાજા જનકને..

કન્યા કહાવે રે તે તણી, જે રાય તોડે ત્રંબક,
એવા પણ લીધાં પિતાએ, તેને આપું કન્યાય ... ..રાજા જનકને..

અયોધ્યા નગરીનો રાજીઓ, રઘુવર રૂપ રસાલ,
એણે ત્રંબક તોડયા, ઉતર્યા મહીપતિના માન ... ..રાજા જનકને..

ત્રંબક ત્રાણ કકડાં કરી, સળકયો પાતાલી નાગ,
પરશુરામ ઝબકીને જાગ્યા, પ્રગટયો ક્ષત્રિયનો વેષ ... રાજા જનકને..

દેવ ડંડા રે વાગ્યાં, વર્યા ઈશ્વરને દ્વાર,
વાજાં વાગે રે વિધવિધના, રઘુવર પરણવા જાય ... ..રાજા જનકને..

રઘુવર તોરણે આવ્યા, સાસુજી પોકવા આવ્યાં,
અંતરપટ આડા ધર્યા, માનુની મંગલ ગાય ... ..રાજા જનકને..

જુસલ મુશલને રવૈયો, સંપજ ને ત્રાક,
ઈંડી પીંડી રે ઉછાર્યા, નિરખ્યા સૃષ્ટિના નાથ ... ..રાજા જનકને..

રઘુવર માંયરામાં આવ્યા, બેસણ સોનાની પાટ,
સામણ પથરાવ્યા રે, જાનકી ઓઢણ નવરંગ ગાંઠ ... રાજા જનકને..

ઋષિએ હથેવારો મેળવ્યો રે, કંઠે આરોપી વરમાળા,
ઘુંઘટ મેં નિરખ્યાં નાથ રે, નિરખ્યા રામચંદ્ર રૂપ ... ..રાજા જનકને..

રુષીએ મંગલ વર્તાવયા રે, સાસુ પીરસે કંસાર,
જનક હરખમાં આવીઆ રે, આપયા ધૃત ભંડાર રે ... રાજા જનકને..

વેદની ધૂની વિપ્ર ભાગે રે, પરણયા સીતાને શ્રી રામ,
આનંદ ઉત્સવ અતિ ઘણો રે, સર્યા સેવકના કામ ... ..રાજા જનકને..

મોહી રહી નગરની નારીઓ, જોયાં જોયાં રામચંદ્ર રૂપ
અયોધયા નગરીનો રાજીઓ, દીઠા અકલ સ્વરૂપ... ..રાજા જનકને..

# ૪૩. આંખલડી આંસુથી સૌની.

(રાગ : શ્યામ તેરી બંસી પુકારે રાધા નામ)

આંખલડી આંસુથી સૌની છલકાય (૨)
મૈયરને છોડી બેની સાસરીયે જાય..
હો... માતા પિતાએ તને મોટી રે કીધી,
આજે સાસરીયાને સોંપી રે દીધી,
વિદાય વેળાએ માનું હૈયું ચીરાય (૨) મૈયરને છોડી..

હો... સખી સાહેલીઓ આંસુડા સારતી,
બાળપણાની પ્રીતડી સંભારતી,
વસમીવેળાએ સૌના દિલડા દુભાય (૨) મૈયરને છોડી..

હો... પર્વતને તજી નદી સાગરમાં ભળતી,
સાગરને સંગે રસરૂપ થઈ રહેતી,
રહેજે સાસરીયામાં તેમ, સમાય (૨) મૈયરને છોડી..

હો... સુંદર સુમન સુગંધ રેલાવતું,
તો યે કદીના એની સુવાસ દેખાડતું,
સ્નેહ થકી સંસ્કારની સૌરભ ફેલાય (૨) મૈયરને છોડી..

હો... સાકર ઓગળીને પયની મીઠાશ વધારતી,
મેંદી પીસાઈને રંગ શોભા રેલાવતી,
સૌને સમાવજે તારા ઉરમાય (૨) મૈયરને છોડી..

## ૪૪. પ્યારી બેનડી સાસરે.

( રાગઃ-તને સાચવે સીતા સતી )

પ્યારી બેનડી સાસરે જતી , વિદાય તારી વસમી લાગતી..
સગા સ્નેહી ત્યજીને જતી, વિદાય તારી વસમી લાગતી..

બેનીના માતા રૂવે  બેનીના પિતા રૂવે,
બેનીની વ્હાલી નાનેરી બેનડી રૂવે,
સરખી સાહેલી આંસુડા સારતી .....  વિદાય તારી વસમી લાગતી..

તારા વિયોગે ગામ મારા સુના પડયા,
લગ્ન સ્નેહનાં બંધન આવી પડયા,
સાસરવાડી રહે મહેકતી .....          ..વિદાય તારી વસમી લાગતી..

મોગરાકળી સમી બેનડી સાસરે જતી,
ભાવાવરણમાં મહેક એની પ્રસરી રહેતી,
સ્નેહીજનોને પોકે રડાવતી.....       ..વિદાય તારી વસમી લાગતી..

કુમકુમ સુહાગ  તારો અમર રહે,
જીવન સંસાર તારો સુખી રહે,
જગદંબાને કરુ વિનંતી....            ..વિદાય તારી વસમી લાગતી..

## ૪૫. પરદેશી પરદેશી આવ્યા તમે.

( રાગઃ-તને સાચવે સીતા સતી )

પરદેશી પરદેશી આવ્યા તમે (૨) બેનીને લેવા બેનીને લેવા,
પરદેશી તમે આવ્યા બેનીને લેવા,
જીવનભરનો સાથ બેની ભૂલી ના જાશો...પરદેશી..

માતા પિતાની માયા બેની છોડી દો (૨)
સાસુ સસરાની માયા બેની ઝાલી લો (૨)
પરદેશી તમે આવ્યા બેનીને લેવા,
જીવનભરનો સાથ બેની ભૂલીના જાશો...પરદેશી..

વીરા ભાભીની માયા બેની છોડી દો (૨)
જેઠ જેઠાણીની માયા બેની ઝાલી લો (૨)
પરદેશી તમે આવ્યા બેનીને લેવા,
જીવનભરનો સાથ બેની ભૂલીના જાશો...પરદેશી..

બેન બનેવીની માયા બેની છોડી દો (૨)
નણંદ નણંદોઇની માયા બેની ઝાલી લો (૨)
પરદેશી તમે આવ્યા બેનીને લેવા,
જીવનભરનો સાથ બેની ભૂલીના જાશો...પરદેશી..

સખી સહેલીની માયા બેની છોડી દો (૨)
મુકેશલાલની માયા બેની ઝાલી લો (૨)
પરદેશી તમે આવ્યા બેનીને લેવા,
જીવનભરનો સાથ બેની ભૂલીના જાશો...પરદેશી..

## ૪૬. હો બેન રે તને સોળ.

(રાગ : હો રાજ રે વાવડીના પાણી)

હો બેન રે તને સોળ વરસની કીધી, તને હૈયેથી અળગી કીધી,
તારૂં સાસરું સંભાળજે, તારું સાસરું દિપાવજે..

હો બેન રે તને માતા વિના કેમ ચાલશે,
તને સાસુ સાથે કેમ બનશે ... તારું સાસરું..

હો બેન રે તને પિતા વિના કેમ ચાલશે,
તને સસરા સાથે કેમ બનશે... તારું સાસરું..

હો બેન રે તને વીરા વિના કેમ ચાલશે,
તને જેઠો સાથે કેમ બનશે... તારું સાસરું..

હો બેન રે તને ભાભી વિના કેમ ચાલશે,
તને જેઠાણી સાથે કેમ બનશે... તારું સાસરું..

હો બેન રે તને બેની વિના કેમ ચાલશે,
તને નણંદ સાથે કેમ બનશે... તારું સાસરું..

## ૪૭. મેરા આંગન તેરા મંડપ.

( રાગ:- મેરા જીવન કોરા કાગઝ)

મેરા આંગન તેરા મંડપ સુના રે થવાના..

માતાએ રૂડો જન્મ જ આપ્યો, અમા એની નથી ભૂલ (૨)
વિધાતાએ (૨) લેખ જ લખ્યા સાસરે જાવો જરૂર....મેરા આંગન..

પિતાએ રૂડા લાડ લડાવ્યા, એમાં અની નથી ભૂલ (૨)
વિધાતાએ (૨) લેખ જ લખ્યા સાસરે જાવો જરૂર....મેરા આંગન..

વીરા ભાભીએ કોલેજ કરાવી, એમાં એની નથી ભૂલ (૨)
વિધાતાએ (૨) લેખ જ લખ્યા સાસરે જાવો જરૂર....મેરા આંગન..

## ૪૮. મારા પીઠી ભરેલા. (પીઠી ગીત)

(રાગઃ- તને સાચવે સીતા સતી)

મારા પીઠી ભરેલા હો બેની , સાસરીયે તો જાવું પડશે..

તમારે માતા પિતાની માયા છોડવી પડશે,
સાસુ સસરાની માયા ઝાલવી પડશે,
તમે શીદને રૂઓ છો હો બેની સાસરીયે તો જાવું પડશે..

તમારે વીરા ભાભીની  માયા છોડવી પડશે,
જેઠો જેઠાણીની માયા ઝાલવી પડશે,
તમે શીદને રૂઓ છો હો બેની સાસરીયે તો જાવું પડશે..

સખી મંડળની માયા છોડવી પડશે,
તારા પ્રીતમનો હાથ તો ઝાલવો પડશે,
તમે ઝાલી લો પ્રીતમનો હાથ સાસરીએ તો જાવું પડશે..

## ૪૯. ભાભી મંડપ મે આ.

( રાગઃ- ડફલીવાલે.)

સંગીતાભાભી  મંડપ મે આ ...મુકેશ ભૈયા બુલાતે હૈ
હા... તું આજા હાથ મિલાજા..

મેરે મુકેશભૈયા દુલ્હા રાજા બનકે ખડે હૈ તેરે આગન મેં
હાર પહનકર દુલ્હન બનકે જલ્દીસે આના મંડપ મેં
દોડકે તું આજા, હાથ મિલાજા, ખડે હૈ મુકેશ ભૈયા....સંગીતાભાભી..

તેરે બીન સુની તેરી સખીયા, તેરે બીન સુના મુકેશ ભૈયા,
દોડકે તું આજા, હાથ મિલાજા, ખડે હૈ મુકેશ ભૈયા....સંગીતાભાભી..

## ૫૦. મહિયર છોડીને બેની.

(રાગ : શ્યામ તેરી બંસી )

મહિયર છોડીને બેની સાસરીયે જાય (૨)
જો જે તારી જનેતાની કુખના લજવાય (૨)

હો... માતા પિતાની તે તો મમતા વિસારી,
સખી સાહેલી રૂએ આસુંડા સારી,
પારકી થાપણ ઘરમાં રાખી ના રખાય (૨)
જો જે તારી જનેતાની કુખના લજવાય..

હો... હૈયાના હેત તને પ્રેમ કરી પાયા,
સસરાના સુખ તને મળશે સવાયા,
પિયરનો પંથ જો જે ભુલીના જવાય (૨)
જો જે તારી જનેતાની કુખ ના લજવાય..

હો... શ્રાવણની પૂનમે વીરો જોશે વાટડી,
આવીને બેની તું બાંધજે રાખડી,
વીરાની બેની તારું સુખ ના સુકાય (૨)
જો જે તારી જનેતાની કુખના લજવાય..

હો... રાખજે ભરોસો સદા અંબાના નામનો,
અમર રહે તારો ચુડીને ચાંદલો,
વિદાયની વેળા તો વસમી ગણાય (૨)
જો જે તારી જનેતાની કુખના લજવાય..

## ૫૧.મન તારું મંદિર પતિ.

(રાગ : તુમ્હી મેરે મંદિર )

મન તારું મંદિર પતિ તારી પૂજા પતિ દેવ તારા (૨)

માતાને છોડી દો પિતાને છોડી દો,
છોડી દો ને બેની મહિયર તમારું,
સાસુ ને ઝાલી લ્યો સસરાને ઝાલી લ્યો,
ઝાલી લ્યોને બેની સાસર તમારું...મન તારું..

વીરાને છોડી દો ભાભીને છોડી દો,
છોડી દો ને બેની મહિયર તમારું,
જેઠો ને ઝાલી લ્યો જેઠાણીને ઝાલી લ્યો,
ઝાલી લ્યો ને બેની સાસર તમારું ...મન તારું..

બેનીને છોડી દો બનેવીને છોડી દો,
છોડી દો ને બેની મહિયર તમારું,
નણંદને ઝાલી લ્યો નણંદોઇને ઝાલી લ્યો,
ઝાલી લ્યો ને બેની સાસર તમારું ...મન તારું..

## ૫૨. ઊંચી નીચી મેડી મારાં

ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી,
ત્યાં રે ઢોળાયું ભ્રમર ઢોલીયા રે..
એ રે ઢોલીએ મારા કયા ભાઈ પોઢે,
કઈ વહુ હીંડોળે રાણી વાયરા રે..
વાવ ઢોળતાં ને પ્રીયુને વાત પૂછતાં,
કઈ બેન નણંદીને નહિ તેડીએ રે..
ઓછા પીયરની તું ઓછું શું બોલે,
બેની વિના કેમ ચાલશે રે..
લાખ જ ખર્ચુ તો બેની નહિ આવે,
ખાસડા ખંખેરૂ ગોરી આવશે રે..

## ૫૩. પ્યારા બેની જવાના.

(રાગઃ-એક લાલ દરવાજે)

પ્યારા બેની જવાના હવે સાસરે રે લોલ..

બેનના માતા પિતાના મનમાં કંઇ દુઃખો ના સમાય,
બેનના સાસુ સસરાના મનમાં કંઇ હરખો ના માય,
બેનનો નાનો દિયરીયો હસે મનમાં રે લોલ....પ્યારા બેની..

બેનના વીરા ભાભીના મનમાં કંઇ દુઃખો ના સમાય,
બેનના જેઠો જેઠાણીના મનમાં કંઇ હરખો ના માય,
બેનનો નાનો ભત્રીજો હસે મનમાં રે લોલ.....પ્યારા બેની..

બેનની સખી સહેલીના મનમાં કંઇ દુઃખો ના સમાય,
બેનીના દર્પણલાલના મનમાં કંઇ હરખો ના માય,
દર્પણલાલના ભાઇબંધો હસે મનમા રે લોલ.....પ્યારા બેની..

## ૫૪. મારા બેનના હાથોમાં.

(રાગઃ હો ડાકોરવાલે આયે મને)

મારા છાયાબેનના હાથોમાં વીંટી
મેં તો નવરંગ પંચરંગ દીઠી, મને લાગી તારી ધૂન (૨)
મારા વાડામાં રોપ્યું આલુ
પેલી સુરેખા ચાલુમાં ચાલુ, મને લાગી તારી ધૂન (૨)
મારા વાડામાં રોપ્યુ કોબી
પેલી જયોતિ ડોબામાં ડોબી, મને લાગી તારી ધૂન (૨)
મારા વાડામાં રોપી બદામ
પેલો સતીષ ઓરણાનો અજામ, મને લાગી તારી ધૂન (૨)
મારા વાડામાં રોપી ચીભડી
પેલી રંજનની લાંબી જીભડી, મને લાગી તારી ધૂન (૨)
મારા વાડામાં રોપી દરાખ
પેલી સંગીતા લડાકમાં લડાક, મને લાગી તારી ધૂન (૨)

## ૫૫. હૈયામાં  હરખો સમાવતા.

હૈયામાં  હરખો સમાવતા હો વીરા મારા ચાલ્યા પરણવા..

ઉંચી તે છોકરી ના જોશો વીરા,
ઉંચી તો નીચા તોરણ તોડશે.....           હો વીરા મારા..

નીચી તે છોકરી ના જોશો વીરા,
નીચી તો પલંગનો પાયો.....           હો વીરા મારા..

કાળી તે છોકરી ના જોશો વીરા,
કાળી તો કુળને લજાવશે....           હો વીરા મારા..

ગોરી તે છોકરી ના જોશે વીરા,
ગોરી તો ગુમાનમાં ચાલશે....           હો વીરા મારા..

અભણ તે છોકરી ના જોશો વીરા,
અભણ તે પત્રાશીદ વાંચશે...           હો વીરા મારા..

કોલેજીયન છોકરી ના જોશો વીરા,
કોલેજીયન તો ચારસો વીસ રે....           હો વીરા મારા..

મધ્યમ તે છોકરી  જોશો હો વીરા
મધ્યમ તો કુળને દીપાવશે....           હો વીરા મારા..

## ૫૬. મારો સોનાનો મારો.

મારો સોનાનો મારો રૂપાનો માંડવડો રે,
આજ ઉર્વેશભાઇ પરણે છે..

એની માતા બોલાવે એના પિતા બોલાવે,
તોએ ઉર્વેશભાઇ ના બોલે......આજ ઉર્વેશભાઇ..

એના સાસુ બોલાવે એના સસરા બોલાવે,
ત્યારે ઉર્વેશભાઇ ઝટ બોલે.....આજ ઉર્વેશભાઇ..

એના વીરા બોલાવે એના ભાભી બોલાવે,
તોએ ઉર્વેશભાઇ ના બોલે......આજ ઉર્વેશભાઇ..

એના શાળા બોલાવે એના શાળી બોલાવે,
ત્યારે ઉર્વેશભાઇ ઝટ બોલે......આજ ઉર્વેશભાઇ..

એના બેની બોલાવે એના બનેવી બોલાવે,
તોએ ઉર્વેશભાઇ ના બોલે......આજ ઉર્વેશભાઇ..

એની સાળી બોલાવે એના સાઢુ બોલાવે,
ત્યારે ઉર્વેશભાઇ ઝટ બોલે......આજ ઉર્વેશભાઇ..

## ૫૭. ભૈયા રાજા બનો વરરાજા.

ભૈયા રાજા બનો વરરાજા કે અપની જુબાન સે,
ભૈયા ભાભી કો લે આના ધૂમધામ સે..

સેલુ લાને કા તુમને વાદા કીયા થા,
વાદા કીયા થા તુમને સોદા કીયા થા,
સેલુ લાના ભાભી કો પહેનાના કે અપની જુબાન સે, ભૈયા ભાભી કો..

સેટ લાને કા તુમને વાદા કીયા થા,
વાદા કીયા થા તુમને સોદા કીયા થા,
સેટ  લાના ભાભી કો પહેનાના કે અપની જુબાન સે, ભૈયા ભાભી કો..

લેકસસ લાને કા તુમને વાદા કીયા થા,
વાદા કીયા થા તુમને સોદા કીયા થા,
લેકસસ લાના ભાભી કો બિઠાના કે અપની જુબાન સે, ભૈયા ભાભી કો..

## ૫૮. હાથમાં નાળિયેર રે.

હાથમાં નાળિયેર રે ભાઇના ડોકે વરમાળા,
એરે વરમાળા ભાઇની કોણે રે મોકલાવી..
ધામણ ગામમાં ભાઇના મામા દેસાઇ રે,
ભાઇની મામીએ મોકલાવી......

હાથમાં નાળિયેર રે ભાઇની હાથમાંની વીટી,
એ રે વીંટી રે ભાઇની કોણ રે મોકલાવી,
એ રે વીંટી રે ભાઇના કાકા દેસાઇ રે,
ભાઇની કાકીએ મોકલાવી......

હાથમાં નાળિયેર રે ભાઇની ગળાની ચેઇન
એ રે ચેઇન ભાઇની કોણે રે મોકલાવી,
એ રે ચેઇન ભાઇની બનેવી દેસાઇ રે,
ભાઇની બેની એ મોકલાવી......

હાથમાં નાળિયેર રે ભાઇના હાથમાંનું બ્રેસ્લેટ
એ રે બ્રેસ્લેટ ભાઇનું કોણે રે મોકલાવ્યું,
એ રે બ્રેસ્લેટ ભાઇના ફુવા દેસાઇ રે,
ભાઇની ફોઇએ મોકલાવ્યું......

## ૫૯. બેની તારા તે માંડવે.

( રાગઃ- મારી મહીસાગરને આરે )

બેની તારા તે માંડવે માંડવે ઢોલ વાગે છે,
વાગે છે ઢોલ વાગે છે..

બેનના લગ્નમાં માતા આવે છે
બેનના લગ્નમાં પિતા આવે છે
રૂડા આશીર્વાદો આપે ઢોલ વાગે છે....બેની તારા..

બેનના લગ્નમાં કાકા આવે છે,
બેનના લગ્નમાં કાકી આવે છે,
રૂડા કંકોતરા છપાવે ઢોલ વાગે છે....બેની તારા..

બેનના લગ્નમાં મામા આવે છે,
બેનના લગ્નમાં મામી આવે છે,
રૂડા મોસાળા લઇ આવે ઢોલ વાગે છે....બેની તારા..

બેનના લગ્નમાં બનેવી આવે છે,
બેનના લગ્નમાં બેની આવે છે,
રૂડા પ્રઝન્ટો લાઈ આવે ઢોલ વાગે છે....બેની તારા..

## ૬૦. મારી સાંભળજો વિનંતી.

( રાગઃ- એક લાલ દરવાજે)

મારી સાંભળજો વિનંતી મારા માત-પિતા રે લોલ..
હું તો કેમ કરીને જાવું સાસરે રે લોલ..

મારા સસરાનું કાંઇના ચાલે, મારી સાસુ ઘાટા પાડે,
રોજ સવારે ઝઘડો થાયે, ઘરમાં સળગે હોળી.... હું તો કેમ..

મારો જેઠ બહુ જબરો, એનો મિજાજ બહુ ભારી,
જેઠાણીની જીભ લાંબી, દુઃખોનો નહિ પાર.... હું તો કેમ..

મારો દિયરીઓ છે પોચો, એની જીભે વળે લોચો
દેરાણી દુઃખયારી મારી ધીર ને ગંભીર.... હું તો કેમ..

મારી નણંદ છે હરામી, હરામી હરામજાદી,
નણંદોઇ મારો વાનર જેવો, કરે કુદા કુદ.... હું તો કેમ..

મારો સ્વામી છે માવડિયો એનામાં બુદ્ધિ છે ટૂંકી,
જે જે વાત કરું તે તો કહી દે, એની મા ને.... હું તો કેમ..

## ૬૧. સખી રે આજ આનંદ..

(રાગઃ હું તો હરજી)

સખી રે આજ આનંદ મારે ઉલટયો,
અલબેલાજી આવ્યા મારે ઘેર... આનંદ મારે ઉલટયો..

સખી રે શેરી વરાવું સોહામણી,
પથરાવું લીલાં પીળાં પાટ... આનંદ મારે ઉલટયો..

સખી રે હરિજન આવ્યા મારે બારણે,
હું શાના આસન આપું... આનંદ મારે ઉલટયો..

સખી રે હરિજન હરિ સરખા જાણવા,
તેની વેદ પૂરાણ પૂરે શાખ... આનંદ મારે ઉલટયો..

સખી રે ફૂલ ફાલી સૌમાં હું ફરૂં રે,
મારે હૈયે હર્ષ ના માંય... આનંદ મારે ઉલટયો..

સખી રે વાજા વાગે વિવિધ વિધનાં,
મળી માનુનીઓ મંગલ ગાય..આનંદ મારે ઉલટયો..

સખી રે હર્ષે હિંડોળા બંધાવીએ,
બાંધ્યા મોતીના તોરણ દ્વાર... આનંદ મારે ઉલટયો..

સખી રે અગર ચંદનના છાંટણા,
કરી છે કંકુ કેસરની ગાર... આનંદ મારે ઉલટયો..

સખી રે મોતીના ચોક પુરાવ્યા,
બાંધ્યા ચંદરવા ચાંદની ચોક... આનંદ મારે ઉલટયો..

સખી રે થાળ ભરાવું મોતીની,
હું વ્હાલાને વધાવવા જાઉં... આનંદ મારે ઉલટયો..

સખી રે ફૂલડાંએ સેજ સજાવીએ,
હું વીંઝણે ઢોળાવું વાયરો... આનંદ મારે ઉલટયો..

સખી રે તકિયા ગાલીચાને ગાદીઓ,
ઉપર પોઢયા સુંદર શ્યામ... આનંદ મારે ઉલટયો..

સખી રે ભોજનિયાં નિતનૂતન બહુ ભાતનાં,
હું જમાડું જુગદાધાર... આનંદ મારે ઉલટયો..

સખી રે લવિંગ સોપારી ને એલચી,
આપ્યાં પાનનાં બિલડાં હાથ... આનંદ મારે ઉલટયો..

સખી રે ઘણાં દિવસની ગોઠડી,
મારે કરવી છે સર્વે આજ... આનંદ મારે ઉલટયો..

સખી રે પેલા ભવની પ્રીતડી,
મારો દિન સફલ થયો આજ... આનંદ મારે ઉલટયો..

સખી રે પ્રીતમના સ્વામી પધાર્યા,
મારા સર્યા સઘળા કાજ... આનંદ મારે ઉલટયો..

## ૬૨. આ તીરે ગંગા ને પેલી તીરે જમના..

આ તીરે ગંગા ને પેલી તીરે જમના, વચમાં સરસ્વતી નદી વહે રે
સોનાનું બેડું ને રૂપા ઓઢણી, સીતાવેલ પાણીલા સંચર્યા રે
રાસ ટૂંકી ને ઘડુલો ના ડુબે કૂવા ને કાંઠે ઊભા રહ્યા રે
સોનાની ગેડી ને રૂપા દડુલો રામચંદ્ર રમવાને નિસર્યા રે
કોણ રાયના પુત્રા ને કોણ તમારા નામ, કઈ રે નગરીના ગરાસીયા રે
દશરથના પુત્રા ને રામચંદ્ર નામ, અયોધ્યા નગરીના ગરાસીયા રે
કોણ રાયની પુત્રીને કોણ તમારા નામ, કઈ રે નગરીની ગરાસણી રે
જનકની પુત્રીને સીતાવેલ નામ, હજીએ છું બાળ કુંવારણી રે
સાત સોપારી ને પાનના બીડાં લગ્ન નિર્ધારી વેલા આવજો રે

## ૬૩. મારે આંગણે વાયુ શું.

(રાગઃ હું તો હરજી)

મારે આંગણે વાયુ શું બોલિયા,
હું તો જોઉં મારા વ્હાલાની વાટ...ગોવિંદ ઘેર આવ્યા..

જીરે પાથરણા પથરાવું પ્રેમના,
મહીં પધરાવું સુદર શ્યામ... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે મોતીના ચોક પૂરાવીએ,
ચંદરવા બંધાવું ચોફેર... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે મેવા મંગાવું રે મીઠડા,
દૂધ સાકરનો કીધો રંગ... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે કંકુમાં કેસર ઘોળીયાં,
તરીયા તોરણે બંધ શૃંગાર... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે અંગ ફરકે રે માહેરા,
પાયે મળવા કેરાં મન... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે જુગમેં કોઇ નથી દેખાતું,
ચાલ્યા પ્રતાપજી રે રાય... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે જપ તપ જગ માંહે થયા,
પધારીયા તે પૂરણ નાથ... ગોવિંદ ઘેર આવ્યા..

જીરે વ્હાલા જાણે વ્રજનાર ને,
ગુણ ગાઇએ નરસૈયા દાસ... ગોવિંદ ઘેર આવ્યા..

## ૬૪. સજની રે તું તો સ્વપ્ન..

(રાગઃ સતગુરુ સહાય કરો)

સજની રે તું તો સ્વપ્ન અંતર મન લાધ્યું રે, મારૂં મન તો નંદ કુંવર શું બાંધ્યું રે..
જાણે હું તો પાતળીયા વર પરણી રે, એ તો મારા કયા જનમની કરણી રે..
આલાલીલા વાંસડીઆ વઢાવો રે, તેના રૂડા માંડવડા રચાવો રે..
આવી રૂડી જાદવકુળની જાન રે, વુષભાન દે છે રે કન્યાદાન રે..
હરજીએ હથેવાળો ત્યાં સાંધ્યો રે, કંઠ માંહી આરોપી છે વરમાળા રે..
એકઠા મળી આરોગ્યો કંસાર રે, માનુનીઓ મંગલ ગાઇ છે ચાર રે..
કંકુ કેસર વર્ણી છે ત્યાં ઘણી આડ રે, તિલક તો ધર્યો છે લલાટે રે..
જાણે હું તો જશોદાજીને પાયે લાગી રે, એટલે તો ઝબકીને હું જાગી રે..
પુરણ પુન્યે એ વર પામી રે, ભલે મળ્યા નરસૈંયાના સ્વામી રે..

## ૬૫. સજની રે સાથે વેવા કીધા.

સજની રે સાથે વેવા કીધા, શિવજી સાથે નાળિયેર મોકલ્યાં રે,
અંગે ઉલટ લગ્ન લીધા, પ્રેમ કરી કંકોત્રી મોકલી.
સદગુરુ શબ્દે ગણેશ માંડયા, આ મંદિરમાં કીધી સ્થાપના,
તીરથ સ્થાનકથી માંડવ રચ્યો, દલવાડ દલથી માંડવ સાહી રહ્યો.
વજીર હૈયા પર ચોરી રચી, જ્ઞાન રૂપી મેલ્યા ગુજરી,
અક્કલ બાઇ રે તું મારી બેની, પ્રેમની વરધ ભરી ભરી લાવની.
ઉપર મેલ્યા શ્રીફળ ચાર, વિવેક વારી રે તું વિચારી,
જેમ જળમાં ચંદ્ર ખીલ્યો, તેમ મન મારૂં મોહ્યું જોની.
મમતા રૂપી મીંઢળ બાંધ્યા, આ મંદિરમાં કીધી સ્થાપના,
દાસ જીવણના સ્વામી દયાલ રે, સઘળાં પાયે લેજો નીરખી.

## ૬૬. એના વિરલા કોઇ વાંચનહાર.

પદ-૮૧૮ (રાગઃ સંતો સાથમાં)

એના વિરલા કોઇ વાંચનહાર, કાગળ સતગુરુ લખે.. ...કાગળ..

જ્ઞાન વૈરાગ્યનો દેહ ધર્યો રે, ચઢી જીવપણાની જીવ,
ભક્તિ આભૂષણ પહેર્યાં રે, વાકા સેવક દાસ કબીર.. ...કાગળ..

શીલ રૂપી ખડિયો કર્યો રે, માંહી પ્રેમતણી રે શાહી,
કમલ બુદ્ધિ આ સંતની રે, ત્યાં અભેદ આંક લખાય.. ...કાગળ..

સુરત નુરતની દોરી લીટી રે, માંહી વિવેક તણો વિચાર,
વિચારી અક્ષર જે લખ્યાં રે, એ તો કાગળ કોરો કહેવાય...કાગળ..

જીવપણા મેં જુગતે રહો રે, મલી મલી મંગલ ગાય,
એ અક્ષર નહિ ઉકલ્યા રે, થાક્યા છે જાણ અજાણ.. ...કાગળ..

અંધે તે અક્ષર વાંચ્યાં રે, બેહરે સુણયા કાન,
મૂંગે તે ચર્ચા બહુ કરી રે, એના વેદ કરે રે વખાણ.. ...કાગળ..

કોટિ કોટિ પંડિત પઢી મુઆ રે, પઢી પઢી વેદ પૂરાણ,
અનેક અક્ષર ઉકલ્યા રે, તે તો ઉતર્યા પાટણપુર.. ...કાગળ..

અક્ષર કાનો માત્રા છે રે, માયા ઉપર તે શુન્ય,
તે ઉપર પરિબ્રહ્મ છે રે, એને નહિ મળે પાપ ને પુન્ય.. ...કાગળ..

અમરાપુરીની જગતમાં રે, એમાં એનો વાસ,
કરજોડી અખો કહે રે, એવા દુર્લભદાસ કબીર.. ...કાગળ..

# ૬૭. આજ મારે આંગણે.

આજ મારે આંગણે હો ઉત્સવ અપાર છે..

પ્રભુના પ્રેમી મારે આંગણે પધાર્યા,
પ્રભુના સંગીતસૂર આંગણે ઉતાર્યા,
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે... આજ મારે..

પ્રભુનામનો પરાગ પાવન ફેલાય છે,
અંધારા અંતરમાં અમૃત રેલાય છે,
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે... આજ મારે..

પ્રભુના પ્રેમીનાં દર્શન કરવાથી,
દુઃખ દૂર થાય છે એને મળવાથી,
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે... આજ મારે..

પ્રભુની લીલા જે ઘરમાં ગવાય છે,
વૈભવ ને સુખશાંતિ તેમાં છવાય છે,
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે... આજ મારે..

પ્રભુના 'પાગલ' એવા પ્રેમીના સંગમાં,
મુક્તિ વેચાય છે પ્રેમીના સંગમાં,
હર્ષનો ન પાર છે રે, ઉત્સવ અપાર છે... આજ મારે..

..શ્રી યોગેશ્વરજી..

## ૬૮. હરિ! તારા નામની ચૂડી.

(રાગઃ સત્‌ગુરુ સહાય કરો)

હરિ! તારા નામની ચૂડી મેં ધારી રે,
ચૂડી પહેરી બની ગઈ છું દિવાની રે,

તૂટે નહીં, ફૂટે નહીં, નંદવાય ના,
સ્વપ્ને પળ પલાળી શકે ના પાણી રે... હરિ! તારા..

અખંડ ને અમર ચૂડી છે ધારી રે,
માયા-મમતા એના થકી ગઈ હારી રે... હરિ! તારા..

ચૂડી પહેરી યમની ભીતિને મારી રે,
હરિનામે ગુરુદેવે મને તારી રે... હરિ! તારા..

હરિ! તારા રૂપે ગયાં સહુ વારી રે,
ચૂડી પહેરી તરી ગયાં નરનારી રે... હરિ! તારા..

શ્રી મા સર્વેશ્વરી..

## ૬૯. નવજીવનના મંગલ પ્રારંભે.

(રાગઃ યાત્રાના આરંભે)

નવજીવનના મંગલ પ્રારંભે અમે,
પ્રાર્થના કરીએ કરજોડીને નાથ હે..
યોગેશ્વર પ્રભુ અખંડ આશીષ આપજો,
શુભમંગલ ઇચ્છા ને પૂર્ણ કરાવજો..
સુખ શાંતિ આનંદનો પ્રસાદ આપજો,
મિત્રાતા વધારીને સંપ વધારજો..
નવજીવનને પૂર્ણ પણે શણગારજો,
સૌની હાશથાળ સદાયે આપજો..
ઉપકારોનું સ્મરણ સદાયે કરાવજો,
નિત્ય પ્રભાતે હરિચરણમાં નમાવજો..
સર્વેશ્વરીની પ્રાર્થના પ્રેમે સ્વીકારજો,
સૌને સર્વ પ્રકારે શરણે રાખજો..

..શ્રી મા સર્વેશ્વરી..

# ૭૦. હરિ દ્વારે હરિ મને મળ્યા રે.

(રાગ- હું તો હરજી જોવાને)

હરિ દ્વારે હરિ મને મળ્યા રે,
ભવરોગ ટાળ્યા છે આજ .......હરિ મને મળ્યા રે..

હિમગીરીના યોગી યોગશ્વર,
મા જ્યોતિર્મયીના પ્રિય બાળ ...હરિ મને મળ્યા રે..

એતો સરોડા ધામે પ્રગટ થયા,
દેવપ્રયાગે કરે મુકામ ............હરિ મને મળ્યા રે..

એતો તપવ્રત કરે ઘણાં આકરા,
જગદંબા દર્શન કાજ ............હરિ મને મળ્યા રે..

એતો ગુર્જર ભોમે વિચરે રે,
સત્સંગનું સુખ ધરે સાથ .........હરિ મને મળ્યા રે..

ધન્ય ધરતી કપુરા ધામની,
પૂર્ણ યોગી પધારે એને દ્વાર .....હરિ મને મળ્યા રે..

કાલીદાસની કુટિયામાં આવ્યા રે,
ભીખી બા એ વધાવ્યા નાથ ....હરિ મને મળ્યા રે..

હરિ ચરણે ધર્યા સર્વેશ્વરી,
ધન્ય ધન્ય ભીખી માતા .........હરિ મને મળ્યા રે..

ભીખી બા ભવસાગર તર્યા રે,
હરિ ગુરુની કૃપા અપાર .........હરિ મને મળ્યા રે..

હરિ જન્મ જનમના સારથિ
રથ સોંપે સર્વેશ્વરી માત ........હરિ મને મળ્યા રે..

..શ્રી મા સર્વેશ્વરી..

# ૭૧. જીવનવાટે મળ્યા છે મુરારિ.

(રાગ- ધોળ)

જીવનવાટે મળ્યા છે મુરારિ, જીવન એને ધરીએ રે.

જીવનવાટે આવી એક ઝૂંપડી, એમાં બેઠા છે સંત સુજાણ..........જીવન એને.

નિયમો નીતિના પાળીને પહોંચીએ, પ્રભુનું લેતા જઈએ નામ.......જીવન એને.

શ્વેત વસ્ત્રો શોભે એના અંગે રે, સુખસાગર શાંત સ્વરૂપ.............જીવન એને.

સૂર્યતેજ નીતરતું અંગે રે, ચાંદની ચંદ્રની વદને રેલાય................જીવન એને.

મધુર મુખ પ્રસન્ન પ્રભુ જેવું, જોતાં જીવન ઝૂકી જાય.................જીવન એને.

જ્ઞાનગંગા વહે એની વાણીમાં, પગલાં પાડે ત્યાં તીર્થ મંડાય........જીવન એને.

એ તો દર્શન કરે નિત બ્રહ્મનાં, પોતે બની ગયા બ્રહ્મ સ્વરૂપ........જીવન એને.

સર્વ દેવો વસે એના દેહમાં, ચરણે સઘળાં તીર્થ સમાય..............જીવન એને.

નામ ધાર્યું યોગેશ્વરજી એણે, એને આંગણે મુક્તિ વેચાય............જીવન એને.

સાચા સંત મળ્યા સદભાગીને, એને સેવ્યાથી ભવરોગ જાય.........જીવન એને.

સોંપી દઈએ સુકાન એને સ્નેહથી, એતો ઉતારે ભવજળ પાર........જીવન એને.

તર્ક વિતર્કો છોડીને સઘળા રે, એની છાયામાં મ્હાલીએ આજ.......જીવન એને.

સાચા સંતોની સંગત ન્યારી રે, ગુરૂકૃપાએ અનુભવી સાચ..........જીવન એને.

સાચી વાત સુણો મારી સાહેલી, સંત ચરણે મળે સુખસાર...........જીવન એને.

..શ્રી મા સર્વેશ્વરી..

# ૭૨. હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા.

(રાગ- ધોળ)

હીંચકે ઝૂલવા આવો મારા વ્હાલા, પ્રેમે પાથરણાં પાથર્યા રે

એકલી અટૂલી ઝુલૂં છું હીંચકે, આવને અલબેલડા આજે રે,
રોજ રોજ વ્હાલા એક જ કેહવું, આવીને બેસ મારી પાસે રે.... ૧

સાનમાં સમજી લેને જરી શામળા, છાનો માનો આવજે સાચે રે,
મીઠી મધુરી વાતલડી માંડવા, પાસે આવીને વિરાજજે રે......... ૨

પ્રેમના બંધન પ્રેમે સ્વીકારી, વેળાસર આવજે વ્હાલા રે,
સ્નેહની રેશમ દોરે ઝૂલીશું, શ્યામસુંદર તારી સાથે રે............. ૩

રાધા કદી જો આવે તને તેડવા, બેસાડીશું એને સાથે રે,
રાધાની સંગે શોભે મારો શામળો, અવિનાશી અલબેલો રે........ ૪

..શ્રી મા સર્વેશ્વરી..

## ૭૩. હેતે લખીએ રે કંકોત્રી.

હેતે લખીએ રે કંકોત્રી રે લોલ...આજે...(૨)
લખીએ રૂડા ગણેશજીના નામ જો,
રિધ્ધિ-સિધ્ધિ વ્હેલા આવજો રે લોલ...

અવસર આવ્યો છે રૂડો આંગણે રે લોલ...આજે...(૨)
લગ્નના વાગે છે રૂડા ઢોલ જો,
રિધ્ધિ-સિધ્ધિ વ્હેલા આવજો રે લોલ... હેતે લખીએ રે...

આંગણિયે મંડપ રોપાવ્યા રે લોલ...આજે...(૨)
બાંધ્યા છે કંઈ લીલુડાં તોરણ જો,
રિધ્ધિ-સિધ્ધિ વ્હેલા આવજો રે લોલ... હેતે લખીએ રે...

આવીને અવસર દીપાવજો રે લોલ...આજે...(૨)
વર-કન્યાને આપજો આશિષ જો,
રિધ્ધિ-સિધ્ધિ વ્હેલા આવજો રે લોલ... હેતે લખીએ રે...

## ૭૪. શુભ દિન આયો રે.

શુભ દિન આયો રે શુભ દિન આયો,
આયો રે આયો શુભ દિન આવ્યો..

બેનીના માતા આવ્યા, બેનીના પિતા આવ્યા,
આવ્યા રે આવ્યા રૂડા જોશ જાવડાવ્યા...શુભ દિન આયો રે..

બેનીના કાકા આવ્યા, બેનીના કાકી આવ્યા,
આવ્યા રે આવ્યા રૂડા કંકોતરા છપાવ્યા...શુભ દિન આયો રે..

બેનીના મામા આવ્યા, બેનીના મામી આવ્યા,
આવ્યા રે આવ્યા રૂડા મામેરા લાવ્યા...શુભ દિન આયો રે..

બેનીના વીરા આવ્યા, બેનીના ભાભી આવ્યા,
આવ્યા રે આવ્યા રૂડા પ્રેઝન્ટો લાવ્યા...શુભ દિન આયો રે..

## ૭૫. આનંદ થયો છે આજે.

(રાગઃ યશોમતિ મૈયા સે બોલે નંદલાલા)

આનંદ થયો છે આજે આનંદ થયો છે,
અંજલીબેનનાં લગ્નનો આનંદ થયો છે.

એલે તે ગામથી રૂડા જોષીડા તેડાવો,
જોષીડા તેડાવી બેનીનાં લગ્ન લેવડાવો,
જોષીડા તેડાવી બેનીનાં...હો....(૨) લગ્ન લેવડાવો..આનંદ થયો છે..

કારસન તે ગામથી બેનીનાં કાકાને તેડાવો,
કાકાને તેડાવી બેનીનાં કંકોતરા છપાવો,
કંકોતરી છપાવી બેનીનાં...હો....(૨) લગ્ન લેવડાવો..આનંદ થયો છે..

એલે તે ગામથી બેનીનાં મામાને તેડાવો.
મામાને તેડાવી બેનીનાં મોસાળા મંગાવો,
માસાળુ લઇને બેનીનાં...હો....(૨) આંગણીયે પધારો..આનંદ થયો છે..

સુરત શહેરથી બેનીનાં કાપડીયા તેડાવો,
કાપડીયા તેડાવી બેનીનાં પાનેતર ભરાવો,
પાનેતર પેહરી બેની...હો....(૨) સાસરીયે સીધાવો..આનંદ થયો છે..

## ૭૬. બેનીના એક બોલ.

(રાગ: તારી એક એક પળ જાય)

બેનીના એક બોલ લાખ લાખના,
બેનીના મોસાળા થવાના સવા લાખના..

બેનીના માતાને પ્રણામ, બેનીના પિતાને પ્રણામ,
બેનીના ભર્યા કુટુંબને પ્રણામ રે,
બેનીના મોસાળા થવાના સવા લાખના..

બેનીના કાકાને પ્રણામ, બેનીના કાકીને પ્રણામ,
બેનીના ભર્યા કુંટુંબને પ્રણામ રે,
બેનીના મોસાળા થવાના સવા લાખના..

બેનીના મામાને પ્રણામ, બેનીના મામીને પ્રણામ,
બેનીના ભર્યા મોસાળને પ્રણામ રે,
બેનીના મોસાળા થવાના સવા લાખના..

## ૭૭. પરદેશી પરદેશી આવ્યા અમે.

પરદેશી પરદેશી આવ્યા અમે, મોસાળું લઈને મોસાળું લઈને..
ઓરણાથી અમે આવ્યા મોસાળું લઈને,
ભાઈ-બેનના હેત બેની ભૂલી ના જાશો.. પરદેશી પરદેશી..

મોસાળામાં સેટ સેલુ લાવ્યા છે...લાવ્યા છે..
પહેરો પેહરો રીટાબેન બેની રે,
ઓરણાથી અમે આવ્યા મોસાળું લઈને,
ભાઈ-ભાભીના હેત બેની ભૂલી ના જાશો.. પરદેશી પરદેશી..

મોસાળામાં સુટ સુરવાલ લાવ્યા છે...લાવ્યા છે..
પેહરો પેહરો અમીતલાલ બનેવી રે,
ઓરણાથી અમે આવ્યા મોસાળું લઈને,
સાળા-બનેવીના હેત બનેવી ભૂલી ના જાશો.. પરદેશી પરદેશી..

મોસાળામાં પાનેતર લાવ્યા છે...લાવ્યા છે..
પેહરો પેહરો શીવાનીબેન ભાણેજ રે,
ઓરણાથી અમે આવ્યા મોસાળું લઈને,
મામા-ભાણેજના હેત ભાણેજ ભૂલી ના જાશો.. પરદેશી પરદેશી..

## ૭૮. પાંદડું લીલું ને રંગ રાતો.

પાંદડું લીલું ને રંગ રાતો..(૨)
દાદા દાદી તમે વેલેરા તમે આવજો,
આવીને રૂડી શોભા વધારજો,
હાં રે એના દાદીના હૈયે હરખ ના માંય જો....ના માંય જો....
પાંદડું લીલું ને...
કાકા કાકી તમે વેલેરા તમે આવજો,
આવીને રૂડાં કુટુંબ જમાડજો,
હાં રે એના કાકીના હૈયે હરખ ના માંય જો....ના માંય જો....
પાંદડું લીલું ને...
મામા મામી તમે વેલેરા તમે આવજો,
આવીને રૂડાં માસાલા લાવજો,
હાં રે એના મામીના હૈયે હરખ ના માંય જો....ના માંય જો....
પાંદડું લીલું ને...

## ૭૯. ભાર વિનાનું ભણતર..

ભાર વિનાનું ભણતર..ભાઈ.. ભાર વિનાનું ભણતર..
એકડો આવડયો, બગડો આવડયો, તગડાનો પત્તો નહિ,
ભણી ભણીને ખૂબ ભણિયા પણ પાંચડાનો પત્તો નહિ,
ભાભીઓના પાંચડાનો પત્તો નહિ...
ભાર વિનાનું ભણતર..ભાઈ.. ભાર વિનાનું ભણતર..

પાંઉભાજી ખાધી, પીઝા ખાધા, રોટલા ખાધા નહિ,
ખાઈ ખાઈને ખૂબ ખૂબ ખાધું પણ ખાતા આવડયું નહિ,
ફોઈઓને ખાતા આવડયું નહિ...
ભાર વિનાનું ભણતર..ભાઈ.. ભાર વિનાનું ભણતર..

ઈંગ્લેન્ડ જોયું, અમેરિકા જોયું, ઈન્ડિયા જોયું નહિ,
ફરી ફરીને ખૂબ ફરિયા પણ ફરતા આવડયું નહિ...
ભાર વિનાનું ભણતર..ભાઈ.. ભાર વિનાનું ભણતર..

## ૮૦. વનરા તે વનમાં ઝાઝેરાં.

વનરા તે વનમાં ઝાઝેરાં વનફળ
અડધાં કાચા ને અડધાં પાકાં પણ શોભા શોભા

બેનીના લગ્નમાં ઝાઝેરી ભાભીઓ
અડધી જાડી ને અડધી પાતળી પણ શોભા શોભા

બેનીના લગ્નમાં ઝાઝેરી મામીઓ
અડધી બોખી ને અડધી બોબડી પાતળી પણ શોભા શોભા

બેનીના લગ્નમાં ઝાઝેરી માસીઓ
અડધી લૂલી ને અડધી લગંડી પાતળી પણ શોભા શોભા

બેનીના લગ્નમાં ઝાઝેરી કાકીઓ
અડધી કાળી ને અડધી લગંડી ગોરી પણ શોભા શોભા

## ૮૧. ઓઢી નવરંગી ચૂંદડી.

ઓઢી નવરંગી ચૂંદડી પગે ઝાંઝરનો ઝણકાર,
હાથે મહેંદીનો શણગાર,
માંડવામાં આવે રે મલકતી મલકતી...

બેનની સાડી છે સવા લાખની,
બેનની ચૂંદડી છે મોંઘા મોલની,
તોયે બેનને પાનેતરનો શોખ..(૨)
માંડવામાં આવે રે મલકતી મલકતી...

બેનનો ચાંદલો છે મોંઘા મોલનો,
બેનનો ટીકો છે સવા લાખનો,
તોયે બેનને સિંદૂરનો શોખ..(૨)
માંડવામાં આવે રે મલકતી મલકતી...

બેનનો હાર છે સવા લાખનો,
બેનનો નેકલેસ છે મોંઘા માલનો,
તોયે બેનને વરમાળાનો શોખ..(૨)
માંડવામાં આવે રે મલકતી મલકતી...

બેનની ચૂડી છે સવા લાખની,
બેનની બંગડી છે મોંઘા માલની,
તોયે બેનને મીંઢળનો શોખ..(૨)
માંડવામાં આવે રે મલકતી મલકતી..

# ૮૨.પરદેશી પરદેશી

પરદેશી પરદેશી આવ્યા અમે...(૨) એલ.એ ગામમાં...(૨)

એલ.એ ગામમાં...(૨) અંજલીબેન અમીતલાલને મળ્યા જો...(૨) અમીતલાલ અંજલીબેનને મળ્યા જો.
અંજલીબેન અમીતલાલને શું બોલ્યા...(૨) અમીતલાલ અંજલીબેનને શું બોલ્યા.
શું બોલ્યા....... શું બોલ્યા.......

❖ આયે હો મેરી જીદંગી મેં તુમ બહાર બનકે..
મેરે દિલ મેં યું હી રેહના હો...(૨) તુમ પ્યાર પ્યાર બનકે.. આયે હો મેરી..

એલ.એ ગામમાં...(૨) સંજયભાઇ નયનાબેનને મળ્યા જો...(૨) નયનાબેન સંજયભાઇને મળ્યા જો.
સંજયભાઇ નયનાબેનને શું બોલ્યા...(૨) નયનાબેન સંજયભાઇને શું બોલ્યા.
શું બોલ્યા....... શું બોલ્યા.......

❖ હમે તુમ સે પ્યાર કિતના યે હમ નહીં જાનતે,
મગર જી નહીં શકતે તુમ્હારે બિના..હમે તુમ સે પ્યાર કિતના.

એલ.એ ગામમાં...(૨) સુધિરભાઇ કલુબેનને મળ્યા જો...(૨) કલુબેન સુધિરભાઇને મળ્યા જો.
સુધિરભાઇ કલુબેનને શું બોલ્યા...(૨) કલુબેન સુધિરભાઇને શું બોલ્યા.
શું બોલ્યા....... શું બોલ્યા.......

❖ મેં કા કરું રામ મુજે બુધ્ધા મિલ ગયા,
હોય હોય બુધ્ધા મિલ ગયા, હાય બુધ્ધા મિલ ગયા..

એલ.એ ગામમાં...(૨) મુકેશભાઇ મીનુબેનને મળ્યા જો...(૨) મીનુબેન મુકેશભાઇને મળ્યા જો.
મુકેશભાઇ મીનુબેનને શું બોલ્યા...(૨) મીનુબેન મુકેશભાઇને શું બોલ્યા.
શું બોલ્યા....... શું બોલ્યા.......

❖ હમ તુમ એક કમરે મેં બંધ હો, ઔર ચાવી ખો જાય..
તેરે નૈનો કી ભૂલ ભૂલૈયા મેં મીનુ ખો જાય...હમ તુમ...

એલ.એ ગામમાં...(૨) મહેન્દ્રભાઇ કિન્નરીબેનને મળ્યા જો...(૨) કિન્નરીબેન મહેન્દ્રભાઇને મળ્યા જો.
મહેન્દ્રભાઇ કિન્નરીબેનને શું બોલ્યા...(૨) કિન્નરીબેન મહેન્દ્રભાઇને શું બોલ્યા.
શું બોલ્યા....... શું બોલ્યા.......

❖ દિલ તો હૈ દિલ, દિલ કા એતબાર, ક્યા કિજએ,
આ ગાયા જો, કિસી પે પ્યાર, ક્યા કિજએ..

## ૮૩. પદ-૭૮૬

(રાગઃ સત્‌ગુરુ સહાય)

સજની તું શું બેઠી છે જમવા રે, ચાલની તું હરજીની સાથે રમવા રે... ટેક
વ્હાલે મારે વાહી મધુરી વેણ વનમાં રે, ગોપીજન આનંદ પામ્યા છે મનમાં રે..૧
એકવાર આવોને અંતર્જામી રે , તો છેલ છબીલો સ્વામી રે... ૨
ગોપીજન ચાલ્યાં પ્રભુજીની સંગે રે , પાલવ મેલ્યો છે તેને અંગે રે.... ૩
અમારે તો વ્રેહની વેદના વામી રે, ભલે મળ્યા નરસૈંયાના સ્વામી રે... ૪

## ૮૪. પદ-૭૮૮

(રાગઃ સત્‌ગુરુ સહાય)

સજની તું સાંભળને કહું વાત રે, વ્હાલો મારો ઉભો છે જમુના ઘાટ રે... ટેક
વ્હાલે મારે કીધું મધુરૂં જ્ઞાન રે, તેણે મારી ગઇ છે સૂધ ને સાન રે... ૧
મુજને તો મોટું ચેકટ લાગ્યું રે, હૃદીયામાં કામબાણ થઇ વાગ્યું રે.... ૨
મુજને ઘેલી કહે સૌ લોક રે, તેણે મારો ટળ્યો છે યાને શોક રે.... ૩
મેં તો મારા વ્હાલાને ઉર પર લીધા રે,તેણે મારા સકલ મનોરથ સિધ્યા રે.. ૪
પુરણ પુન્યે એ વર પામી રે, ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી રે.... ૫

## ૮૫. પદ-૭૮૯

(રાગઃ સત્‌ગુરુ સહાય)

સજની તને હૈયે હરખ અપાર રે, મંદિર માંહે આવ્યા નંદકુમાર રે....ટેક
દીઠું મેં તો દામો દરજી મુખ રે, તેણે મારા સર્વે ભાંગ્યાં દુઃખ રે.... ૧
આજનો દિવસ તે કહીએ ધન્ય રે, તેણે મારા સર્વે ભાંગ્યાં દુઃખ રે.... ૨
બેની મારે ઉલટ ન માયે અંગે રે, આજ મારો આળસ ગયો ગંગ રે... ૩
બેની મારૂં સ્થાનાંતર થયું સાચું રે, હું તો હવે અવર કંઇ નવ જાચું રે... ૪
બ્રહ્માદિક જેનો પાર ન પામે રે, મુનિ જન મોટેરાં દર્શન ઇચ્છે રે.... ૫
આહીરડાં ઉપર કરુણા કીધ્ન રે, વ્હાલે મારે વેચાતી કરી લીધી રે... ૬
વ્હાલો મારો રીઝાસે ઘણું સાચે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ રે.... ૭